Digital Copy
કેનેડાથી પ્રસિદ્ધ થતું ગુજરાતી કમ્યુનિટી ન્યુઝપેપર
जननी जन्मभूमिश्च स्वर्गादपि गरियसी

# ગરવી ગુજરાત

Gujarati Weekly Community Newspaper

| Vol. 1 | Issue 46 | 02 May 2026 | Sugnesh Patel | +1437-967-0062 | garvigujarat2025@gmail.com | CANADA |



# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**18 એપ્રિલથી આવતા શનિવાર સુધી**

**મેષ રાશિ — અ, લ, ઈ**

આ અઠવાડિયે નવા કાર્યની શરૂઆત માટે અનુકૂળ સમય છે. નોકરીમાં પ્રગતિના સંકેત છે. પરિવાર સાથે સમય પસાર કરવાનો અવસર મળશે. ખર્ચ પર નિયંત્રણ રાખવું જરૂરી રહેશે. આરોગ્ય સામાન્ય રહેશે.

**વૃષભ રાશિ — બ, વ, ઉ**

ધંધામાં લાભના યોગ બનશે. જૂના અટકેલા કામ પૂર્ણ થઇ શકે. મિત્રો સાથે મતભેદ ટાળો. ઘરેલું વાતાવરણ આનંદમય રહેશે. મુસાફરી શક્ય છે. નવા સંબંધો ભવિષ્યમાં ફાયદાકારક સાબિત થઇ શકે છે.

**મિથુન રાશિ — ક, છ, ઘ**

આ અઠવાડિયે કામનું દબાણ વધી શકે છે. પરંતુ પ્રયત્નોથી સફળતા મળશે. રોકાણ કરતા પહેલા વિચારવું. જીવનસાથી સાથે સારો સમય પસાર થશે. નવો શીખવાનો અવસર મળવાથી આત્મવિશ્વાસ વધશે.

**કર્ક રાશિ — ડ, હ**

નાણાકીય સ્થિતિ મજબૂત બનશે. નવા સંપર્કો લાભદાયી સાબિત થશે. આરોગ્ય અંગે થોડું ધ્યાન રાખવું. સંતાન તરફથી સારા સમાચાર મળી શકે. ઘર સંબંધિત કોઈ મહત્વપૂર્ણ નિર્ણય લઈ શકો છો.

**સિંહ રાશિ — મ, ટ**

કાર્યક્ષેત્રમાં જવાબદારીઓ વધશે. અધિકારીઓનો સહકાર મળશે. આત્મવિશ્વાસ વધશે. પરિવારના સહયોગથી મુશ્કેલીઓ દૂર થશે. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠા વધવાની શક્યતા છે.

**કન્યા રાશિ — પ, ઠ, ણ**

શૈક્ષણિક ક્ષેત્રે સફળતા મળશે. નોકરી બદલવા ઇચ્છુકો માટે સમય અનુકૂળ છે. ખર્ચ વધી શકે છે. સ્વાસ્થ્યમાં સુધારો જોવા મળશે. જૂના મિત્ર સાથે મુલાકાત આનંદ આપશે.

**તુલા રાશિ — ર, ત**

ધંધામાં નવી તક મળશે. રોકાણ માટે સમય મધ્યમ છે. સંબંધોમાં મીઠાશ વધશે. માનસિક શાંતિ માટે ધ્યાન કે યોગ લાભદાયી રહેશે. અટકેલા કાનૂની અથવા દસ્તાવેજી કામ આગળ વધી શકે છે.

**વૃશ્ચિક રાશિ — ન, ય**

ગુપ્ત શત્રુઓથી સાવચેત રહેવું. કામમાં વિલંબ થઇ શકે. પરંતુ અંતે સફળતા મળશે. પરિવાર તરફથી સહયોગ મળશે. આર્થિક આયોજનમાં સાવધાની રાખશો તો લાભ મળશે.

**ધન રાશિ — ભ, ધ, ફ, ઢ**

મુસાફરીના યોગ છે. ભાગ્યનો સાથ મળશે. નોકરીમાં નવી જવાબદારી મળી શકે. આવકમાં વધારો થવાની શક્યતા છે. ધાર્મિક અથવા આધ્યાત્મિક પ્રવૃત્તિમાં જોડાવાનો મોકો મળશે.

**મકર રાશિ — ખ, જ**

પરિશ્રમનું સારું પરિણામ મળશે. વેપારમાં વૃદ્ધિ થશે. સ્વાસ્થ્ય સારું રહેશે. ઘરેલું જીવન આનંદમય રહેશે. નવી મિલકત અથવા રોકાણ અંગે વિચારણા કરી શકો છો.

**કુંભ રાશિ — ગ, સ, શ, ષ**

નવા વિચારો સફળતા અપાવશે. મિત્રોનો સહયોગ મળશે. નાણાકીય લાભ થઈ શકે. અનાવશ્યક વિવાદોથી દૂર રહેવું. કાર્યસ્થળે તમારી પ્રતિભા માટે પ્રશંસા મળશે.

**મીન રાશિ — દ, ચ, ઝ, થ**

આધ્યાત્મિક પ્રવૃત્તિમાં રસ વધશે. પરિવાર સાથે સારો સમય પસાર થશે. રોકાણ માટે યોગ્ય સમય છે. આરોગ્યનું ધ્યાન રાખવું જરૂરી રહેશે. જૂના અધૂરા સપનાઓ સાકાર કરવા પ્રેરણા મળશે.

**શ્રી મહેશકુમાર શાસ્ત્રીજી, કેનેડા+1 647 881 9054**
**વાસ્તુપૂજા કથા વિગેરે માટે સંપર્ક કરો**

**તંત્રી લેખ**

# "ગરવી ગુજરાત"ની ગૌરવગાથા - વિદેશમાં વસતા ગુજરાતીઓના હૃદયમાં જીવંત સંસ્કાર




ગરવી ગુજરાત ન્યુઝ પેપરના તંત્રી શ્રી સુજ્ઞેશ પટેલની કલમે

૧ મે-ગુજરાત રાજ્ય સ્થાપના દિવસ માત્ર એક ઐતિહાસિક પ્રસંગ નથી, પરંતુ એ આપણા અસ્તિત્વ, સંસ્કૃતિ અને ગૌરવની ઉજવણી છે. આ દિવસે દરેક ગુજરાતી, ભલે તે ગુજરાતમાં રહેતો હોય કે વિશ્વના કોઈ પણ ખૂણે વસતો હોય, પોતાના મૂળ સાથેનો અખંડ જોડાણ અનુભવે છે.



આજે કેનેડા સહિત વિશ્વના અનેક દેશોમાં વસતા ગુજરાતીઓએ પોતાના પરિશ્રમ, પ્રતિભા અને સંસ્કારોથી એક અનોખી ઓળખ ઉભી કરી છે. તેઓ માત્ર આર્થિક રીતે જ નહીં, પરંતુ સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક ક્ષેત્રોમાં પણ આગવું યોગદાન આપી રહ્યા છે.

વિદેશની ધરતી પર રહીને પણ ગુજરાતીઓએ પોતાની ભાષા, પરંપરા અને ઉત્સવોને જીવંત રાખ્યા છે. નવરાત્રીના ગરબા હોય, ઉત્તરાયણના પતંગો હોય કે દિવાળીના દીપો-દરેક પ્રસંગમાં "ગરવી ગુજરાત"નો અહેસાસ સ્પષ્ટ રીતે જોવા મળે છે.

કેનેડામાં વસતા ગુજરાતીઓ ખાસ કરીને એકતા, સહકાર અને સેવાભાવ માટે જાણીતા છે. વિવિધ ક્લબ, સંગઠનો અને સમૂહો દ્વારા તેઓ સમાજને જોડીને રાખે છે અને નવી પેઢીને સંસ્કારનું વારસો આપી રહ્યા છે. આ એ સાબિત કરે છે કે ગુજરાતી જ્યાં જાય ત્યાં માત્ર વસતો નથી, પરંતુ સંસ્કૃતિનો દીવો પણ પ્રગટાવે છે.

ગુજરાત રાજ્ય સ્થાપના દિવસ એ આપણા માટે ગૌરવનો દિવસ છે-એક એવો દિવસ, જે આપણને આપણા મૂળને યાદ અપાવે છે અને ભવિષ્ય માટે પ્રેરણા આપે છે.

ચાલો, આપણે સૌ મળીને "ગરવી ગુજરાત"ના આ ગૌરવપૂર્ણ દિવસને ઉજવીએ અને વિશ્વના દરેક ખૂણે ગુજરાતી હોવાનો ગર્વ અનુભવીએ.

**સુજ્ઞેશ પટેલ**
(તંત્રી શ્રી, ગરવી ગુજરાત ન્યુઝ પેપર) 4379670062

**We trust, sir, that God is on our side. It is more important to know that we are on God's side - Abraham Lincoln.**

Sankalan by
Dr Prakashbhai Thakkar Kalol Gujrat

**કેનેડાથી પ્રસિદ્ધ થતું ગરવી ગુજરાત ન્યુઝ પેપર વાંચવા ક્યુઆર કોડ સ્કેન કરો**

વાચકોને આ અખબારમાં પ્રસિદ્ધ કોઇપણ જાહેરાતના સબંધમાં પૈસા મોકલવા, કોઇ પણ ખર્ચ ઉઠાવવા અથવા કોઇપણ વાયદા દાવા પર અમલ કરતા પહેલાં જરૂરી પુછપરછ કરવા અને યોગ્ય તપાસ કરવાની સલાહ આપવામાં આવે છે. ગરવી ગુજરાત જાહેરાતકર્તાઓના ઉત્પાદનો અને સેવાઓ માટે કરાયેલ દાવાની જવાબદારી લેતું નથી. જો જાહેરાત આપનાર આવા દાવાનું સન્માન નથી કરતા તો ગરવી ગુજરાતને કોઇપણ પરિણામ માટે જવાબદારી ગણી શકાશે નહીં.

# ગુજરાતી સિનીયર ગ્રુપ ઓફ બ્રેમ્પટન દ્વારા Heart & Stroke વિષે વિશિષ્ટ માર્ગદર્શન, તેમજ સુગમ સંગીતની સુંદર રજૂઆત









## સુજ્ઞેશભાઈ પટેલ તથા જ્યોતિષ સુરેશચંદ્ર ગાંધીના સુગમ સંગીતથી સભામાં ઉમંગ અને આનંદનો માહોલ સર્જાયો





ગુજરાતી સિનીયર ગ્રુપ ઓફ બ્રેમ્પટનની 26 th April ૨૦૨૬ ની મીટીંગ Gore Meadows Library ખાતે રાખવામાં આવી હતી.

મીટીંગની શરૂઆત **'ॐ तत् श्री नारायण'** પ્રાર્થનાથી કરવામાં આવી.

આવતાની સાથે જ સૌને આઈસ્ક્રીમ આપવામાં આવ્યો હતો. આઈસ્ક્રીમના સ્પોન્સર હતા ઝવેરભાઈ પટેલ.

આ મહિનાની theme હતી, Woman's Day, અક્ષય તૃતિયા (અખા ત્રીજ) અને વિશ્વ પૃથ્વી દિવસ. (Earth Day).

**एप्रिलफूल बनाया तो उनको ग़ुस्सा आया!!** ગીત પર જુસ્સા સાથે સુંદર કસરત કરાવી જગદીશભાઈ વશીએ.

ત્યારબાદ શ્રી દક્ષાબેન રાજાએ સૌને Woman's Day, અક્ષય તૃતીયા અને વિશ્વ પૃથ્વી દિવસ (Earth Day) નું સુંદર શબ્દોમાં મહત્વ સમજાવ્યુ અને સૌને અંતઃકરણથી શુભેચ્છા વ્યક્ત કરી.

મંડળના સભ્ય ઝવેરભાઈ પટેલના ધર્મપત્ની સ્વ. કાંતાબેનને (૧૨ પુણ્યતિથિ) ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

આમંત્રિત મહેમાનોમાં, સુજ્ઞેશ પટેલ તંત્રી શ્રી ગરવી ગુજરાત ન્યુઝ પેપર કેનેડા તથા જ્યોતિષ સુરેશભાઈ ગાંધી , જલ્પા, હર્શિલભાઈ, ક્રીશ અને વ્રજ હતા. વિશેષમાં જલ્પાબેન તલાટીએ સંસ્થાને, general donetionમાં પોતાનો ફાળો અર્પિત કર્યો હતો. દિપલ કાપડીયા, Anna (Heart & stroke) . શ્રી દક્ષાબેન રાજાએ મહેમાનો, કમિટી મેમ્બર્સ, કીચન કમિટી, મેમ્બર્સ ભાઈ-બહેનોનું હાર્દિક સ્વાગત કર્યું.

મંડળના ભૂતપૂર્વ Vice President શ્રી મનુભાઈ, બ્રેમ્પટન હોસ્પિટલમાં છેલ્લા ૨૮ વર્ષથી સેવા આપતા રહેલા છે. બ્રેમ્પટન હોસ્પીટલે Ontario Volunteer Service Avord આપી તેમનું બહુમાન કર્યું. તે બદલ દક્ષાબેન રાજાએ ગર્વ સાથે, મનુભાઈને મંડળ વતી હ્રદયથી અભિનંદન આપ્યા.

અન્ય સભ્ય કાંતિભાઈ પટેલ અને સીતાબેન પટેલ પણ છેલ્લા ૨૦ વર્ષોથી હોસ્પિટલમાં સેવા આપતા રહ્યા છે . દક્ષાબેન, હર્ષદભાઈ અને રંજનબેને તેઓનું ઉપરણું ઓઢાડી સન્માન કર્યું.

હર્ષદભાઈ પટેલે સંસ્થાકીય માહિતી આપી તેમજ સ્પોન્સરની જાહેરાત કરી, અને 10th May ના રોજ રાખેલ પીકનીકની વિસ્તૃત માહિતી આપી.

અનુસંધાન પાન નં. 30 ઉપર


I AM DIFFERENT !!
@realtorravipatel
Looking for the Right Real Estate Expert?
Ravi Patel
REALTOR
Let's Find Your Perfect Home
• Personalized Guidance for Buyers & Sellers
• More Than 5 Years of Experience
• Transparent Service
• Check reviews on Google & Insta and lets get started !!
Let's Get Started
+1(519)-991-7196
www.buywithravi.realtor
@realtorravipatel
RIGHT AT HOME
REALTY BROKERAGE


MORTAGE
EXPERT
UNLOCK YOUR DREAM HOME WITH
EXPERT MORTGAGE GUIDANCE
Residential mortgage
Commercial mortgage
Refinancing, Home equity loans
Business Line of Credits
Business Loans (CSBFL)
Equipment Leasing and Financing
CMHC Multi Unit Program
Abhay joshi
Mortgage Broker
MORTGAGE
CELL : (647) 409-5848
Lic #M220

# ગરવી ગુજરાત સિનિયર્સ ગ્રુપ બ્રામ્પ્ટન ૧૦(દસ) વર્ષ ની સફર અને સુંદર કાર્યક્રમ















## સાંસ્કૃતિક કાર્યક્રમો, સભ્યોના યોગદાનની કદર અને ભવ્ય ઉજવણી સાથે દસ વર્ષની ગૌરવયાત્રાનું સ્મરણ

ગૌરવવંતા ગરવી ગુજરાત સિનિયર્સ પરિવારની એપ્રિલ મહિનાની મિટિંગ ૨૪ એપ્રિલ ૨૦૨૬ ના રોજ હિન્દુ સભા મંદિર ના સાંસ્કૃતિક હોલ માં બપોર ના ૧.૩૦ વાગ્યા થી શરુ થઈ . સભા ની શરૂઆત વિઘ્નહર્તા ગણેશજી ની પ્રાર્થના થી થઈ. ત્યારબાદ પરિવાર ના મંત્રી શ્રી વિઠ્ઠલભાઈ અમીન દ્વારા આ ગૌરવવંતા પરિવાર ના ગૌરવમય ૧૦(દસ) વર્ષ પુરા થવા પર પરિવાર ની ૧૦ વર્ષની સફર પર ઈતિહાસ ને યાદ કર્યો. પરિવાર ની સ્થાપના ૨૧ એપ્રિલ ૨૦૧૬ દિવસે ભારતમાતા મંદિર ના બેઝમેન્ટ હોલ માં ૧૬૦ સભ્યો સાથે કરેલ. ત્યાર થી આજ સુધી ની પરિવાર ની સફર ૧૬૦ થી ૪૫૦ સભ્યો સુધી વિસ્તરી . ગુજરાતી સિનિયર્સ ને દેશ થી દૂર આપણી સંસ્કૃતિ સાથે જોડાયેલા રાખી બધા જ તહેવારો તેમજ રાષ્ટ્રીય તહેવાર ની ઉમંગ અને ઉત્સાહ થી ઉજવણી કરવી તે ઉદેશથી સ્થપાયેલ આ પરિવારે સભ્યો માટે વિવિધ પાર્ક માં પિકનિક નું આયોજન તથા દર મહિને બધાજ સભ્યો ની હાજરીમાં સભ્યો જ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ સાથે સ્વાદિષ્ટ ભોજન નું આયોજન વિના રોકાઈ વિના થાકે કરેલ છે. તેમણે આ ભગીરથ સેવા હવન માં તન, મન, ધન થી સેવા આપનાર પરિવાર ના સર્વે સભ્ય ભાઈ બહેનો નો તેમજ ૧૦ વર્ષ ની બધીજ કારોબારી સમિતિઓ, રસોડા માં મહેનત કરનાર ભીખુભાઈ પટેલ,પાર્વતીબહેન, મંજુલાબહેન, સ્વ અરવિંદભાઈ પટેલ, શૈલેષભાઈ દેસાઈ, શીવાભાઈ જાદવ, બાબુભાઈ એમ પટેલ, મનહરભાઈ પંચાલ, બાબુભાઈ કે પટેલ, તથા બીજા મદદરૂપ થનાર સર્વે ભાઈ બહેનો તેમજ સ્ટેજ પરફોર્મન્સ દ્વાર સભ્યો ને આનંદ અને હાસ્ય પીરસનાર સર્વે કલાકાર ભાઈ બહેનો તથા કાર્યક્રમ ને સ્ટેજ પર સુંદર અને આયોજનબંધ રીતે ૮ વર્ષ સુધી રજુ કરનાર વત્સલાબહેન વ્યાસ, ૮ વર્ષ પ્રમુખ તરીકે સેવા આપનાર વિક્રમભાઈ પટેલ તેમજ વિઠ્ઠલભાઈ અમીન, ભીખુભાઈ પટેલ, ભુપેન્દ્રભાઈ ભટ્ટ, પરિવારની આવક જાવક અને હિસાબો સરસ રીતે સંભારનાર તેમજ તેનું સમયસર ઓડિટ કરાવનાર ખજાનચી રમેશભાઈ પટેલ, સ્ટેજે માસ્ટર ભાનુભાઈ મિસ્ત્રી, સાઉન્ડ ના જાદુગર દિલીપભાઈ પરીખ, અરુણભાઈ મેહતા, ધનશ્યામભાઈ પટેલ તેમજ છેલ્લા બે વર્ષ થી કારોબારી માં જોડાયેલ ઉદયભાઈ ચૌધરી, રોહિણીબેન વયેડા, અંગારીશભાઈ શુક્લ, વિનોદભાઈ પટેલ, વિષ્ણુભાઈ પટેલ, બાબુભાઈ કે પટેલ નો હૃદયપૂર્વક આભાર માન્યો.

પરિવાર ના ખજાનચી રમેશભાઈ પટેલે ૨૦૨૫ ના વર્ષ ના હિસાબો રજુ કર્યા જેને સભ્યો દ્વારા મંજુર કરવામાં આવ્યા. ત્યાર બાદ રાજેશ્વરીબેન શુક્લ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ ની શુરુઆત કરાવવા માં આવી. સૌ પ્રથમ હર્ષિદાબેન વ્યાસ દ્વારા ગણપતિજી ની સ્તૃતિ અભિનય સાથે સુંદર રીતે રજુ કરી ત્યારબાદ દીનાબેન નું રાજસ્થાની નૃત્ય, સુશીલાબેન અને ભારતીબેનનું મરાઠી નૃત્ય, પદ્માબેન અને સુશીલાબેન નું આશા ભોશલે ના ગીત ગુજરાત નો ટહુકો - ભાતીગળ ચૂંદલડી પર નું ગુજરાતી નૃત્ય તેમજ અમિતાબેન અને રેણુકાબેન નું બોલિવૂડ ગીત ના રીમેકસ પર ના નૃત્ય પર્ફોર્મન્સે જમાવટ કરી . મુકેશભાઈ અને દિપીકાબેન દ્વારા ફિલ્મી ગીત રજૂ કરી સૌ ને ખુશ કરી દીધા. ત્યારબાદ રાજેશ્વરીબેન પુરોહિત, જયશ્રીબેન અને દીનાબેન દ્વારા હાસ્ય થી ભરપૂર કોમેડી નાટિકા “પહેલા સગા પાડોશી” રજુ કર સૌને ખુબજ હસાવ્યા. પ્રવીણભાઈ બારોટ નું ગીત અને શીલાબેન અગ્રવાલ ના આશા ભોશલે જી ની યાદ માં તેમના ગીતો પર સોલો નૃત્ય સરસ રહ્યા. કદાચ પહેલી વખત ગરવી ગુજરાત સિનિયર્સ ના સ્ટેજ પર બોલિવૂડ સોન્ગ પર ધમાકેદાર રેટ્રો ડાન્સ મુકેશભાઈ પાઠક, દિલીપભાઈ પાઠક, અશ્વિનભાઈ પટેલ, કનુભાઈ દેસાઈ, દિપકભાઈ શાહ અને હરીશભાઈ અમીન દ્વારા રજુ થયો . બહુજ સરસ.. કિર્તીભાઈ ભાવસરનું “શમાં હૈ સુહાના” તેમજ નીમાબેન અમીન નું બાગબાન ફિલ્મ ના ગીત નું પર્ફોર્મન્સ બહુજ સરસ રહ્યા. શિલ્પાબેન શાહ નો ગુરુ ફિલ્મ ના ગીત પાર નો સોલો ડાન્સ પણ સુંદર હતો.

અનુસંધાન પાન નં. 32 ઉપર

# યશગાથા ગુજરાતની - જય જય ગરવી ગુજરાત



લેખક
ઘનશ્યામ પટેલ (ખુશ)
કેલગરી, કેનેડા

**જય સોમનાથ જય દ્વારકેશ જય બોલો વિશ્વના નાથની,
સ્વર્ણ અક્ષરે લખશે કવિઓ
યશગાથા ગુજરાતની, આ ગુણવંતી ગુજરાતની...**

લોકપ્રિય નેતા ઈન્દુલાલ યાજ્ઞિક(ઈન્દુચાચા) ના અસરકારક નેતૃત્વ અને માર્ગદર્શન દ્વારા આયોજિત મહાગુજરાત આંદોલન દ્વારા મુંબઈ રાજ્યનું ભાષાના આધારે ગુજરાત અને મહારાષ્ટ્ર એમ બે રાજ્ય માં વિભાજન થયું .૧ લી મે 1960 ના રોજ ગુજરાત રાજ્ય અલગ થયું. ૧ લી મે ગુજરાતનો સ્થાપના દિવસ છે .પૂજ્ય રવિશંકર મહારાજે દીપ પ્રાગટ્ય કરી ઉદ્‌ઘાટન કર્યું .ડો. જીવરાજ મહેતાએ પ્રથમ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા .મહેંદી નવાઝ જંગ પ્રથમ રાજ્યપાલ બન્યા .ગુજરાતનું નામ ગુર્જર પરથી પડ્યું . પ્રથમ અમદાવાદ અને ત્યાર પછી ગિફ્ટ અને ગ્રીન સીટી ગાંધીનગર તેનું પાટનગર બન્યું. વિશ્વમાં ભારતને ગૌરવતુ સ્થાન અપાવનાર ભારતના લોકપ્રિય વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્ર મોદી અને ગૃહપ્રધાન શ્રી અમિત શાહ ગુજરાતના છે. ભારતને આઝાદી અપાવવામાં જોઓનું મુખ્ય યોગદાન છે તેવા અહિંસાના પૂજારી મહાત્મા ગાંધીજી અને લોખંડી મહાપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ ગુજરાતના હતા . ભારતના પ્રથમ ગૃહ મંત્રી સરદાર વલ્લભભાઈ પટેલ હતા જેમણે ૬૦૦ કરતાં વધુ રજવાડાઓને એકત્ર કરી અખંડ ભારતની સ્થાપના કરી હતી . ઔદ્યોગિક ક્ષેત્રે સાહસિક અને સફળ ઉદ્યોગપતિ શ્રી મુકેશ અંબાણી ,ગૌતમ અદાણી ગુજરાતના છે .ગુજરાતની પ્રગતિમાં તેમનું તેમજ અઝીઝ પ્રેમજી, કરસનભાઈ પટેલ વગેરે ઉદ્યોગપતિઓનું યોગદાન સરાહનીય છે.

ભારતમાં સૌથી લાંબો દરિયા કિનારો ગુજરાતમાં છે . ગુજરાત એ ભારતનું પેટ્રોલ કેમિકલ્સ અને ડાયમંડ હબ છે . વિશ્વનું સૌથી મોટું તેલનું શુદ્ધિકરણનું કારખાનું રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ગુજરાતમાં છે. ભાવનગર નજીક અલંગમાં વિશ્વનું સૌથી મોટું શિપ બ્રેકિંગ યાર્ડ છે . મહેસાણાની દૂધસાગર ડેરી અને આણંદની અમૂલ ડેરી દૂધ અને તેના ઉત્પાદનમાં વિશ્વમાં અગ્રેસર છે . વિશ્વનું સૌથી મોટું નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ ગુજરાતમાં છે. વિશ્વનું સૌથી મોટો વડ કબીરવડ ગુજરાતમાં છે. ભારતની એકતાના પ્રતિક સમી 182 મીટર ની ઊંચાઈ ધરાવતી સરદાર પટેલની પ્રતિમા ‘ સ્ટેચ્યુ ઓફ યુનિટી ‘ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા ગુજરાતમાં કેવડિયા ખાતે આવેલી છે.

ગુજરાત એ વિકસિત ભારતનું વિકસિત રાજ્ય છે . તેની રાજ્ય ભાષા ગુજરાતી છે .રાજ્ય ગીત જય જય ગરવી ગુજરાત છે .રાજ્ય પ્રાણી સિંહ , રાજ્ય ફૂલ ગલગોટો , રાજ્ય વૃક્ષ આંબો, રાજ્ય નૃત્ય ગરબા અને દાંડિયા રાસ, રાજ્ય રમત કબડ્ડી ,રાજ્ય ફુલ ગલગોટો ,રાજ્ય ફળ કેરી, રાજ્ય પક્ષી સુરખાબ (ફ્લેમિંગો) છે .ગુજરાત ભારતનું ત્રીજું અમીર રાજ્ય છે .ગુજરાતનો કચ્છ જિલ્લો ક્ષેત્રફળની દ્રષ્ટિએ સમગ્ર ભારતમાં સૌથી મોટો જિલ્લો છે. ગુજરાતમાં 34 જિલ્લાઓ છે. ગુજરાતના હાલના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ છે . ગુજરાત તેની બાંધણી ,પટોળા, સિલ્વર જ્વેલરી ,શિલ્પકલા , ભરતગુંથણ, કોતરણીકામ અને જરીકામ માટે જાણીતું છે . મોટાભાગની પ્રજા શાકાહારી છે. ગુજરાતનો તરણેતરનો મેળો ,ભવનાથનો મેળો ,વૌઠાનો મેળો ,કચ્છનો રણોત્સવ , શામળાજીનો મેળો વગેરે ગુજરાતની લોક સંસ્કૃતિને ઉજાગર કરે છે . ગુજરાતમાં કીર્તિમંદિર ,જામનગર નજીક આવેલ વનતારા, કાંકરિયા તળાવ, સીદીસૈયદની જાળી ,બરડા અભ્યારણ, બાલારામ નજીકનું અભ્યારણ, જેસોર નું રીંછ અભ્યારણ ,નળ સરોવર, મોઢેરાનું સૂર્યમંદિર , કચ્છનું સફેદ રણ, લોથલ, ધોરાવીરા જેવા ઘણા લોકપ્રિય સ્થળો જોવાલાયક છે. ગુજરાતે રાષ્ટ્રીય શાયર મેઘાણી, કલાપી ,કવિ દુલાકાગ ,પ્રેમાનંદ, ક. મા . મુનશી, ગોવર્ધનરામ ત્રિપાઠી, બકુલ ત્રિપાઠી જેવા અનેક સાહિત્યકાર, કવિઓ , હાસ્ય લેખક અને અનેક નાટ્ય કલાકાર , વિક્રમ સારાભાઈ જેવા વિજ્ઞાનીઓ , રમતવીરો ની વિશ્વને ભેટ આપી છે . ગુજરાત તેના ગરબા, દાંડીયારાસ ,લોક ભવાઈ, ડાંગી નૃત્ય, ટિપ્પણી નૃત્ય જેવી કલાથી વિશ્વમાં લોકપ્રિય છે. દુનિયાના મોટાભાગના દેશોમાં વેપાર અને નોકરી અર્થે ગુજરાતી વસેલા છે. ગુજરાતની પ્રજા ધાર્મિક અને સંસ્કારી છે .સોમનાથ ,દ્વારકાધીશનું મંદિર, ડાકોર વગેરે અનેક જાણીતા ધાર્મિક સ્થળો છે .

આજના ગુજરાત સ્થાપના દિવસે મહાગુજરાતના આંદોલનમાં તેમજ ભારતની આઝાદીમાં જે ગુજરાતના સપૂતો શહીદ થયા છે, તેમને લાખ લાખ વંદન .જય જય ગરવી ગુજરાત. વંદે માતરમ..



# NOVA SCOTIA નોમિની પ્રોગ્રામ હેલ્થકેર, ટ્રેડ્સ અને પસંદગીના અન્ય ક્ષેત્રોમાં કામદારોને પ્રાથમિકતા આપશે



સંકલન
શ્રી નયનભાઈ બ્રહ્મભટ્ટ
એ એન બી ઈમિગ્રેશન
ANB Immigration Services,
Toronto - Canada -
905 230 4737
info@anbimmigration.com

NOVA SCOTIA 27 એપ્રિલના રોજ નોવા સ્કોટીયા નોમિની પ્રોગ્રામ (NSNP) માટે નવી પસંદગી પ્રાથમિકતાઓની જાહેરાત કરી છે, જેમાં ત્રણ-સ્તરીય માળખા હેઠળ પ્રાંત કયા પ્રાથમિકતા વ્યવસાયોને ઝડપી બનાવશે તે નિર્ધારિત કરવામાં આવ્યું છે.

હેલ્થકેર કામદારો અને કુશળ કારીગરોને સૌથી વધુ પ્રાથમિકતા અને વ્યાપક ઍક્સેસ મળે છે.

અન્ય વ્યવસાય જૂથો અને વિદેશમાં રહેલા ઉમેદવારોને કડક પ્રતિબંધોનો સામનો કરવો પડે છે. TEER* 5 વ્યવસાયોમાં કામદારોને આ સમયે ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

પ્રાંત નોંધે છે કે શ્રમ બજારની જરૂરિયાતો અને નોમિનેશન ફાળવણી બદલાતા પ્રાથમિકતાઓ બદલાઈ શકે છે.

કયા વ્યવસાયોને લક્ષ્ય બનાવવામાં આવશે?

સ્તર 1 - આરોગ્યસંભાળ અને કુશળ કારીગરો (ટોચની પ્રાથમિકતા)

TEER 0 થી 4 પર NSNP નોમિનેશન માટે આરોગ્યસંભાળ અને કુશળ કારીગરો વ્યવસાયોને ટોચની પ્રાથમિકતા મળે છે.

આ એકમાત્ર સ્તર છે જે આંતરરાષ્ટ્રીય અરજદારો અને નોવા સ્કોટીયામાં પહેલાથી રહેતા અને કામ કરતા કામચલાઉ રહેવાસીઓ બંને માટે ખુલ્લું છે.

સ્તર 2 - વધારાના પ્રાથમિકતા વ્યવસાયો

નોવા સ્કોટીયા પ્રાંતમાં પહેલાથી જ કામચલાઉ રહેવાસીઓ માટે નામાંકન પણ વિચારી શકે છે જે નીચેના NOC મુખ્ય જૂથોમાં કામ કરે છે, ફક્ત TEER 0 થી 4 પર:

NOC* 2 - કુદરતી અને લાગુ વિજ્ઞાન અને સંબંધિત વ્યવસાયો

NOC 4 - શિક્ષણ, કાયદો અને સામાજિક, સમુદાય અને સરકારી સેવાઓ

NOC 8 - કુદરતી સંસાધનો, કૃષિ અને સંબંધિત ઉત્પાદન વ્યવસાયો


NOC 9 - ઉત્પાદન અને ઉપયોગિતાઓ

સ્તર 3 - મર્યાદિત વિચારણા

બાકીના બધા વ્યવસાયો માટે, NSNP ફક્ત TEER 0, 1 અને 2 પર નોવા સ્કોટીયામાં પહેલાથી જ કામચલાઉ રહેવાસીઓને ધ્યાનમાં લેશે.

સ્તર 2 અને 3 બંને પ્રાંતમાં પહેલાથી જ કામચલાઉ રહેવાસીઓ માટે નામાંકન પ્રતિબંધિત કરે છે - એટલે કે કેનેડાની બહારથી અરજી કરતા ઉમેદવારો જે આરોગ્યસંભાળ અથવા કુશળ વેપારમાં કામ કરતા નથી તેઓ NSNP ના સામાન્ય EOI પૂલ દ્વારા તેમના વિકલ્પો નોંધપાત્ર રીતે મર્યાદિત જોશે.





HOMELIFE
HIGHER STANDARDS
TEAMKAPOOR
Own your Comfort Home
Himanshu Kakkad
himanshukakkad@gmail.com
+1(437)237-9999

# સંઘર્ષ એ જ સફળતાનો સાચો માર્ગ



લેખક
પરેશભાઈ શાહ
વડોદરા




જીવનમાં દરેક વ્યક્તિ સુખ અને સુવિધાની ઝંખના રાખે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે સાચું ઘડતર મુશ્કેલીઓ અને પડકારોની વચ્ચે જ થાય છે. એક ખૂબ જ સચોટ વાત કહેવાઈ છે કે, “જે છોડનો ઉછેર હંમેશા છાંયડામાં થાય છે, તે ઘણીવાર જલ્દી સુકાઈ જાય છે.” આ પંક્તિ વિદ્યાર્થી જીવન માટે અત્યંત મહત્વની છે. જે રીતે એક બીજને વટવૃક્ષ બનવા માટે આકરા તડકા, પવન અને વરસાદનો સામનો કરવો પડે છે, તેવી જ રીતે વિદ્યાર્થીએ પણ પોતાના લક્ષ્ય સુધી પહોંચવા માટે મહેનત અને સંઘર્ષના તડકાને સહન કરતા શીખવું જોઈએ.

વધારે પડતી સુખ-સાહ્યબી અને આળસ વિદ્યાર્થીની આંતરિક શક્તિઓને નબળી પાડે છે. જો તમને બધું જ તૈયાર અને સરળતાથી મળી જાય, તો જ્યારે જીવનમાં વાસ્તવિક મુશ્કેલીઓ આવશે ત્યારે તમે તેનો સામનો કરી શકશો નહીં. પરીક્ષાનો ડર હોય, અઘરા વિષયો સમજવાની મથામણ હોય કે શિસ્તબદ્ધ જીવન જીવવાનો પડકાર-આ બધું જ એ ‘તડકો’ છે જે તમને ભવિષ્ય માટે મજબૂત બનાવે છે. જે વિદ્યાર્થી પોતાની જાતને મહેનતની ભટ્ટીમાં તપાવે છે, તેની ચમક સોના જેવી હોય છે.

તેથી, મુશ્કેલીઓથી ગભરાવાને બદલે તેને સ્વીકારતા શીખો. યાદ રાખો કે છાંયડામાં ઉછરેલા છોડમાં બહારની દુનિયાના ઝંઝાવાતો સામે લડવાની શક્તિ નથી હોતી, પણ જે ખુલ્લા આકાશ નીચે તડકો સહન કરીને મોટો થયો છે, તે જ અન્યોને છાંયડો આપવા સમર્થ બને છે. પરિશ્રમ અને ધૈર્યને જીવનનો મંત્ર બનાવી, સંઘર્ષના તડકાને હસતા મુખે સહન કરશો, તો સફળતાનું શિખર ચોક્કસ તમારા કદમ ચૂમશે.




# PARIN SHAH

INSURANCE & INVESTMENT ADVISOR

647-673-3344 parinmshah@gmail.com



## EXPLORE PART-TIME OPPORTUNITIES

**Insurance and Investment**

### Benefits:

- We'll reimburse initial expenses and fees for serious candidates
- Part-time opportunity with flexible hours
- Coaching and Training throughout the journey
- A Comprehensive understanding of Investments and Insurance: The Mechanics of Money Management
- Effectively manage your personal finances
- Commission-based earning opportunity

*Call Me* | *Schedule an appointment* | *Mortgage Solution* | *Auto & Home Insurance*

For the past decade, we have provided a wide range of financial products to support clients' peace of mind and well-being. Our services include:

- **Life Insurance** for loved ones' security
- **Travel, Visitor, and Super Visa Insurance** for journey protection
- **Health, Dental, and Vision Insurance** for medical needs
- **Disability Insurance** for unforeseen circumstances
- **Financial Need Analysis** for effective planning
- **Debt Consolidation** to manage financial burdens
- **Investment** options like **RRSP, TFSA, FHSA, and RESP** for future savings

# એકતાનો રથ, અસ્મિતાનો પથ: કેનેડામાં રામ રથયાત્રા શું શક્ય છે?



લેખક શ્રી
હિતેશભાઈ જગડ
ધ્વનિ ન્યુઝ પેપર કેનેડા

સમયના અવિરત પ્રવાહમાં ઘણા વિચારો પરપોટાની જેમ જન્મે છે અને વિલીન થઈ જાય છે. જ્યારે અમુક વિચારો પથ્થર પરની લકીરની જેમ મનમાં અંકિત થઈ જાય છે.-શાંત પણે, અત્યંત ધીરજથી-એક એવી ક્ષણની પ્રતીક્ષામાં જ્યારે તેમને ખુલીને બોલી શકાય, જીવી શકાય. મારા માટે, કેનેડાની ધરતી પર એક ભવ્ય 'રામ રથયાત્રા'નું આયોજન કરવાનો વિચાર એ શ્રેણીમાં આવે છે. આ કોઈ સામાન્ય સૂચન નથી, કે નથી આ કોઈ પ્રતીકાત્મક પ્રસ્તાવ. આ એક એવું વિઝન છે જેના વિશે મેં મિત્રો ઉપરાંત સામાજિક લીડરો સાથે પણ ચર્ચાઓ કરી છે, આજે જ્યારે હું આ લખી રહ્યો છું, ત્યારે મને લાગે છે કે આ વિચાર જેટલો પ્રેરણાદાયી છે, એટલો જ આપણી નિષ્ક્રિયતા માટે ચિંતાજનક પણ છે. આ લેખને અંત સુધી વાંચો. અને જો આનો નાનો અમથો ભાગ પણ તમારા હૃદયને સ્પર્શે, તો તેને અહીં જ અટકવા ન દેતા. તેને આગળ શેર કરજો. એવા લોકોને મોકલજો જેઓ વિવિધ બોર્ડના સભ્યો છે, જેઓ સંસ્થાઓનું નેતૃત્વ કરે છે, જેઓ એકતા વિશે વાતો કરે છે અને જેઓ માને છે કે તેઓ આપણા સમુદાયના ભવિષ્યને આકાર આપી રહ્યા છે.

છેલ્લા કેટલાક દાયકાઓમાં મેં કેનેડામાં આપણા ભારતીય સમુદાયને (Indo-Canadian community) વટવૃક્ષની જેમ ફેલાતા જોયો છે. આપણે કેનેડાના દરેક મોટા શહેરમાં આપણા મજબૂત મૂળિયાં નાખ્યા છે. આપણે અહીં સફળ વ્યવસાયો સ્થાપ્યા છે, આપણી શૈક્ષણિક ક્ષમતા સાબિત કરી છે, ભવ્ય મંદિરોનું નિર્માણ કર્યું છે અને કેનેડાના બહુસાંસ્કૃતિક માળખામાં આપણી એક આગવી ઓળખ ઊભી કરી છે. દિવાળી, નવરાત્રિ અને ગણેશોત્સવ જેવા તહેવારો આજે કેનેડાના સાંસ્કૃતિક કેલેન્ડરનો અભિન્ન હિસ્સો બની ગયા છે. આપણી સાંસ્કૃતિક ગરિમા અને આધ્યાત્મિક જોડાણ આજે પણ એટલા જ જીવંત છે જેટલા ભારતમાં હતા.



પરંતુ, જ્યારે આપણે આ પ્રગતિનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરીએ છીએ, ત્યારે એક પ્રશ્ન અચૂક ઉભો થાય છેઃ શું આપણી આ શક્તિ વિખરાયેલી છે? વ્યક્તિગત રીતે ઘણીવાર એવું લાગે છે કે આપણે અનેક નાના-નાના ટુકડાઓમાં વહેંચાયેલા છીએ. આપણા આયોજનો મોટાભાગે પ્રાદેશિક સંસ્થાઓ અથવા ચોક્કસ ગ્રુપ પૂરતા મર્યાદિત રહી જાય છે. એક સમુદાય તરીકે, આપણી પાસે એવું કોઈ સર્વસામાન્ય પ્લેટફોર્મ નથી જે કેનેડાના રાષ્ટ્રીય સ્તરે આપણી એકતાનો સચોટ પરિચય કરાવી શકે. આ વિખરાયેલી શક્તિને કારણે જ ઘણીવાર આપણી વાસ્તવિક ક્ષમતા સમાજ અને સરકાર સમક્ષ પૂરી રીતે પ્રગટ થતી નથી, અને ઘણીવાર પ્રશ્ન થાય છેઃ શું આપણે માત્ર પર્સનલ પ્રોગ્રેસ માટે જ અહીં આવ્યા છીએ? શું આપણી સામૂહિક અસ્મિતાનો કોઈ અવાજ નથી?

રામ રથયાત્રા માત્ર એક ધાર્મિક સરઘસ નથી; તે એક સાંસ્કૃતિક આંદોલન બની શકે છે. રામ એ માત્ર એક આસ્થાનું નામ નથી, પણ તે 'મર્યાદા પુરુષોત્તમ' છે જે શિસ્ત, ન્યાય અને સૌને સાથે લઈને ચાલવાના આદર્શોનું પ્રતીક છે. કેનેડા જેવા દેશમાં, જ્યાં આપણે વિવિધ પૃષ્ઠભૂમિમાંથી આવીએ છીએ, ત્યાં રામનું નામ આપણને જોડવાનું કામ કરી શકે છે. એક એવું મંચ બનાવવાની વાત છે જે તમામ દાયરાઓથી ઉપર હોય. એક એવી ભવ્ય, શિસ્તબદ્ધ અને સર્વસમાવેશક યાત્રા જે આપણી એકતા, આપણી અવિરત પરંપરા અને આપણી સહિયારી ઓળખનું પ્રતીક બને.

આ યાત્રા માટે મે મહિનાના બીજા અઠવાડિયાની પસંદગી કરવા પાછળ પણ એક દૂરંદેશી છે. કેનેડામાં ઠંડીની મોસમ આયોજનો માટે અવરોધક બને છે, ત્યારે મે મહિનો વસંતના આગમનનો અને અનુકૂળ વાતાવરણનો સમય છે. આ સમયે કોઈ અન્ય મોટા તહેવારોની વ્યસ્તતા હોતી નથી, જેથી સમગ્ર સમુદાય પોતાનું ધ્યાન અને શક્તિ આ એક કાર્ય પર કેન્દ્રિત કરી શકે. મારું માનવું છે કે જો આપણે આ સમયગાળાને 'કેનેડા રામ રથયાત્રા' તરીકે સ્થાપિત કરી શકીએ, તો તે આવનારા વર્ષોમાં કેનેડાની સૌથી મોટી સાંસ્કૃતિક ઘટના બની રહેશે. આ એક એવો દિવસ બની જશે જેની તેઓ આખું વર્ષ આતુરતાથી રાહ જોશે.

આપણે કેનેડામાં મલ્ટિકલ્ચરલિઝમની વાત કરીએ છીએ, કેનેડાના મલ્ટિકલ્ચરલ માળખામાં આપણી વિઝિબિલિટી (Visibility) વધારવા માટે આપણે અન્ય સફળ સમુદાયો પાસેથી શીખવાની જરૂર છે. 'ખાલસા ડે વૈશાખી પરેડ' તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. છેલ્લા ૩૦-૪૦ વર્ષોમાં શીખ સમુદાયે જે રીતે પોતાની પરંપરાઓને કેનેડિયન મેઈનસ્ટ્રીમમાં વણી લીધી છે, તે ખરેખર પ્રશંસનીય છે. જ્યારે ટોરોન્ટો કે સરેના રસ્તાઓ પર હજારોની મેદની એક શિસ્તમાં ચાલે છે, ત્યારે સરકાર અને સમાજે તેમની શક્તિની નોંધ લેવી પડે છે.

નેતાઓ અને નીતિ નિર્ધારકો એ જ સમુદાયને માન આપે છે જે સંગઠિત હોય. અહીં પ્રશ્ન સંખ્યાબળનો નથી, પણ સંકલ્પબળનો છે. આપણી પાસે સાધનો છે, બૌદ્ધિક પ્રતિભા છે અને આર્થિક સદ્ધરતા પણ છે; કમી છે માત્ર એક જ છત્ર નીચે એકઠા થવાની. જો આપણે પણ એક ભવ્ય રથયાત્રાનું આયોજન કરી શકીએ, જેમાં તમામ હિન્દુ સંસ્થાઓ ભેદભાવ ભૂલીને જોડાય, તો કેનેડાના સામાજિક નકશા પર આપણી ગરિમા અનેકગણી વધી જશે.

ધર્મ એ માત્ર પૂજા-પાઠ નથી, તે એક સામાજિક બંધન છે જે લોકોને જોડે છે. હિન્દુ પરંપરાની વિરાસત હજારો વર્ષ જૂની છે. સંસ્કૃત જેવી પવિત્ર ભાષા જેમાંથી દુનિયાની અનેક ભાષાઓ જન્મી છે, એ આપણી ધરોહર છે. છતાં, કેનેડા જેવા દેશમાં આપણે આપણી

જાતને એક 'યુનાઈટેડ ફોર્સ' તરીકે રજૂ કરવામાં નિષ્ફળ રહ્યા છીએ. આપણે વાતો બહુ કરીએ છીએ, પણ જ્યારે મેદાનમાં ઉતરીને કામ કરવાની વાત આવે ત્યારે આપણે પાછા પડીએ છીએ.

કોઈપણ મોટા કાર્યને સિદ્ધ કરવા માટે ધૈર્ય અને સાતત્યની જરૂર હોય છે. અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ પર મંદિર નિર્માણની જે સદીઓ જૂની લડત હતી, તે ૨૨ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ સફળ થઈ. આ ઘટના આપણને શીખવે છે કે જો કોઈ હેતુ પવિત્ર હોય અને સમુદાય એક મનથી તેની પાછળ લાગે, તો સમય ગમે તેટલો લાગે, સફળતા નિશ્ચિત છે.

કેનેડામાં રથયાત્રાનું આયોજન કરવું એ ભારત જેટલું કદાચ મુશ્કેલ નથી, કારણ કે અહીંનું તંત્ર સહયોગી છે. પરંતુ, સૌથી મોટો સંઘર્ષ આપણી અંદરની માનસિકતા સાથે છે. શું આપણે આપણા નાના ગ્રુપો અને પદની લાલસા છોડીને એક મોટા લક્ષ્ય માટે સાથે મળી શકીશું? આ પ્રશ્ન આજે દરેક ઈન્ડો-કેનેડિયન હિન્દુના મનમાં ઉઠવો જોઈએ. રામ મંદિરના નિર્માણે આપણને એક નવો આત્મવિશ્વાસ આપ્યો છે, અને તે આત્મવિશ્વાસને હવે આપણે કેનેડાના સામાજિક ઉત્થાનમાં વાપરવાની જરૂર છે.

કોઈપણ સફળ આયોજન પાછળ કુશળ નેતૃત્વ હોય છે. ભારતમાં જે રીતે અટલ બિહારી વાજપેયી, લાલકૃષ્ણ અડવાણી અને ત્યારબાદ નરેન્દ્ર મોદી, અમિત શાહ, યોગીજી જેવા નેતાઓએ સામૂહિક વિઝનને અમલમાં મૂક્યું, તે નેતૃત્વની ક્ષમતા દર્શાવે છે. કેનેડામાં પણ આપણને એવા નેતૃત્વની જરૂર છે જે તમામ સંસ્થાઓને જોડી શકે.

વિશ્વ હિન્દુ પરિષદ (VHP) જેવી સંસ્થાઓ પાસે અહીં મજબૂત નેટવર્ક છે. પરંતુ આ આયોજન કોઈ એક સંસ્થા પૂરતું સીમિત ન રહેવું જોઈએ. તે 'પીપલ્સ મુવમેન્ટ' એટલે કે જન-આંદોલન બનવું જોઈએ. જ્યારે સામાન્ય નાગરિક એમ માનતો થશે કે આ રથયાત્રા તેના ઘરનો ઉત્સવ છે, ત્યારે જ તે સાચા અર્થમાં સફળ થશે. નેતૃત્વનું કામ અહીં માત્ર માર્ગદર્શન આપવાનું છે, વાસ્તવિક શક્તિ તો જનતાના સહયોગમાં છે.

આપણે કેનેડામાં આપણા બાળકોને એક સુરક્ષિત ભવિષ્ય તો આપ્યું છે, પણ શું આપણે તેમને આપણી સાંસ્કૃતિક જડ (Roots) સાથે જોડી શક્યા છીએ? પશ્ચિમી સંસ્કૃતિના પ્રવાહમાં વહેતા આપણા યુવાનોને જો આપણે આપણી પરંપરાઓનો ગર્વ નહીં કરાવીએ, તો આવનારા થોડા દાયકાઓમાં આપણી ઓળખ અસ્પષ્ટ થઈ જશે.

રામ રથયાત્રા જેવી ભવ્ય ઈવેન્ટ્સ યુવા પેઢી પર ઊંડી મનોવૈજ્ઞાનિક અસર કરે છે. જ્યારે તેઓ હજારો લોકોને એક શિસ્તમાં, ભક્તિભાવથી અને ગૌરવથી જોશે, ત્યારે તેમનામાં પોતાની સંસ્કૃતિ પ્રત્યેની લઘુતાગ્રંથિ દૂર થશે. આ યાત્રા તેમના માટે એક એવું પ્લેટફોર્મ બનશે જ્યાં તેઓ પોતાની કલા, સંગીત અને સામાજિક સેવાની ભાવનાને વ્યક્ત કરી શકશે. આપણે તેમને માત્ર વાતોથી નહીં, પણ અનુભવોથી સંસ્કાર આપવાના છે. એક વાર્ષિક રથયાત્રા તેમના માટે માત્ર એક ઉત્સવ નહીં, પણ એક 'સાંસ્કૃતિક એન્કર' બની જશે. તે તેમને સમજાવશે કે તેઓ એકલા નથી, તેમનો સમુદાય વિશાળ છે અને તેમની સંસ્કૃતિ ગૌરવશાળી છે.

કોઈપણ સારો વિચાર ત્યારે જ મરે છે જ્યારે તેના પર અમલ નથી થતો. કેનેડામાં રામ રથયાત્રા એ માત્ર મારો વિચાર નથી, તે આપણા હજારો લોકોની અંતરની ઈચ્છા છે. આ આયોજન માટે આપણને કોઈ અબજો રૂપિયાની જરૂર નથી. આપણને જરૂર છે માત્ર એક ટેબલ પર બેસીને વાત કરવાની, ઈગો બાજુ પર મૂકવાની અને પ્રોફેશનલ રીતે પ્લાનિંગ કરવાની.

જો આપણે આ કરી શકીએ, તો મે મહિનાનું એ બીજું અઠવાડિયું કેનેડાના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે. તે દિવસે આપણે માત્ર એક મૂર્તિનો રથ નહીં ફેરવતા હોઈએ, આપણે આપણા આત્મસન્માનનો રથ ફેરવતા હોઈએ.

મેં આ વિચાર માત્ર કલ્પનાના આકાશમાં વિહાર કરવા માટે વ્યક્ત નથી કર્યો, પણ તેને વાસ્તવિકતાના ધરાતલ પર સાકાર કરવો છે. આ લેખના માધ્યમથી હું કેનેડાની પ્રત્યેક હિન્દુ સંસ્થાને-પછી તે ગમે તેટલી નાની હોય કે પ્રતિષ્ઠિત-એક વિનમ્ર છતાં મક્કમ આહવાન કરું છું.

વિશ્વ હિન્દુ પરિષદ સહિતના તમામ અગ્રણી સંગઠનો, જેઓ અવિરતપણે હિન્દુ હિત અને સંગઠન પર ભાર મૂકે છે, તેમને મારો પ્રશ્ન છેઃ શું આપણે ખરેખર એક થઈ શકીએ? શું તમે તમારા સંસ્થાકીય હોદ્દા કે બેનરોને ગૌણ ગણીને માત્ર 'શ્રી રામ' અને 'હિન્દુ એકતા'ના ઉમદા ઉદ્દેશ્ય માટે એક મંચ પર આવી શકશો? સમગ્ર સમાજ આજે તમારી સક્રિયતા અને નિર્ણયશક્તિની પ્રતીક્ષા કરી રહ્યો છે.

જો આપણે પરસ્પર સહયોગનો સંકલ્પ કરીશું, તો આ રથયાત્રા અવશ્ય નીકળશે. તે દિવસે આ આયોજન કોઈ વ્યક્તિગત સિદ્ધિ નહીં, પરંતુ સામૂહિક અસ્મિતાનું પ્રતીક હશે. એ રથમાં બિરાજમાન પ્રભુ શ્રી રામ આપણા સૌના હશે અને પ્રત્યેક ડગલું આપણી એકતાની સાક્ષી પૂરશે. સ્વપ્ન મારા એક નું નથી, આપણાં સૌનું છે, હું તો એક માત્ર નિમિત છું, પણ તેને સિદ્ધ કરવાની જવાબદારી આપણા સૌની છે. શું તમે આ ભગીરથ કાર્ય માટે સજ્જ છો?

આ લેખના અંતે, હું વ્યક્તિગત રીતે અમારા તમામ ગુજરાતી સમાચાર મીડિયા ભાગીદારોનો હૃદયપૂર્વક આભાર માનું છું. લલિતભાઈ સોની (ગુજરાત ન્યૂઝલાઈન), શિલ્પેશભાઈ પરીખ (ગુજરાત એબ્રોડ), પ્રજ્ઞેશભાઈ પટેલ (ગુજરાત-નો-રણકાર) અને સુગ્નેશભાઈ પટેલ (ગરવી ગુજરાત)-આ તમામ મિત્રોનો આ લેખને સદભાવના સાથે અને આપણા ઈન્ડો-કેનેડિયન સમુદાયના હિતમાં પ્રકાશિત કરવા બદલ હું ખૂબ આભારી છું. તમારા સહયોગ વગર સમુદાય સુધી આ અવાજ પહોંચાડવો શક્ય ન હોત.



# જન્મતિથિ મુજબ વ્યક્તિત્વ અને ભવિષ્યનું રહસ્ય: પડવાથી અગિયારસ સુધી શું કહે છે શાસ્ત્રો?

**આ અંકમાં વાર, નક્ષત્ર પ્રમાણે ભવિષ્ય કથન કર્યું છે. હવે આજે જન્મતિથિ પ્રમાણે જોઈશું.**

જ્યોતિષ- આચાર્ય શ્રી સુરેશભાઈ ગાંધી- કેનેડા






જન્મતિથિ પ્રમાણે ભવિષ્ય

પડવો (પ્રતિપદા): કોઈપણ માસની પ્રથમ તિથિએ જન્મનાર પ્રથમ ત્રણ માસ સુધી જીવિત રહે તો દીર્ઘાયુષી બને છે. તેજસ્વી વિદ્યાવાન થાય છે. સ્ત્રી સૌભાગ્યવતી, પતિપ્રિયા અને સર્વરીતે સુખી થાય છે.

બીજ: તે દિવસે જન્મનાર સત્યવાદી, લોકપ્રિય, અંતર્મુખી, ચિંતનશીલ, એકલપેટો બનશે. સ્ત્રી જાતક સુંદર વસ્ત્ર ધારણ કરનાર, ધાર્મિક વૃત્તિવાળી થાય છે. સ્વભાવે દયાળુ હોય છે.

ત્રીજ: તે દિવસે જન્મેલ શક્તિશાળી, મુખી વધુ પડતો ધાર્મિક, મંદબુદ્ધિ, વ્રત ઉપરવાસ કરનાર, લંપટ, લોભી ને વિવાદી બનશે. સ્ત્રી હોય તો સાત્વિક, સચલ, ગંભીર, વિદ્યાવ્યસંગી, પુત્રી-પૌત્રથી યુક્ત, દેવતાની ભક્તિ કરનાર થાય છે.

ચોથ: તે દિવસે જન્મનાર ધીર, સાહસિક, કંજૂસ, ચંચળ અને તમામ સુખ પ્રાપ્ત કરે છે. સ્ત્રી ક્રૂર લાજવાળી, ક્રોધી, સ્વભાવથી પરપુરૂષમાં આસક્ત, ધૃતપ્રેમી, ધમી અને તિલક ટીલીનો ત્યાગ કરનાર બને છે.

પાંચમ: તે દિવસે જન્મનાર વિદ્યાવાન, કિર્તીવાન, સુંદર વ્યક્તિત્વ ધરાવનાર, સ્ત્રી ભોગ્ય, હસ્તપદમાં નિશાનવાળો બને છે. સ્ત્રી જાતક સત્યવક્તા, સમાજમાં લોકપ્રિય, ઉગ્ર પ્રકૃતિની, કઠોર હૃદયવાળી, ક્રોધી, ચપળ અને અણધાર્યું આચરણ કરનાર હોય છે.

છઠ્ઠ (ચાલુ): તે દિવસે જન્મનાર સંત, સ્થિર બુદ્ધિ, દીર્ઘાયુષી, સત્યવક્તા, સ્ત્રી જાતક, સ્વજનોથી યુક્ત, ભાઈઓનો પ્રેમ મેળવનાર, કાર્યદક્ષ, સુખ પ્રાપ્ત કરનાર, પરોપકાર કરનાર ને દયાળુ થાય છે.

સાતમ: તે દિવસે જન્મનાર ધનવાન, સદગુણી, સદાચારી, આસ્તિક અને શ્રદ્ધાળુ બનશે. સ્ત્રી જાતક સુંદર નેત્રવાળી, સુંદર નાસિકા ધરાવે અને ગુરુની ભક્તિ કરનાર, શાસ્ત્રોમાં શ્રદ્ધા રાખનાર, નિરાભિમાની હોય છે.

આઠમ: તે દિવસે જન્મનાર વધુ પડતો વાચાળ, સ્ત્રીમાં વિશેષ રુચિ રાખનાર, ચંચળ વૃત્તિનો નિષ્ઠુર બને છે. સ્ત્રી જાતક મદ્યપાન કરનાર, અભક્ષ્ય ખોરાકમાં રુચિ વિશેષ રહે છે. મિત્રો દયા વગરની, નીચ લોકોના સંગમાં આવે છે.

નોમ: તે દિવસે જન્મનાર કામી, બળવાન, સંગીતમાં રસ ધરાવનાર, શત્રુઓનો નાશ કરનાર નીડર બને છે. સ્ત્રી જાતક કુટુંબ સુખ વગરની, કઠોર ચિત્તવાળી, આળસુ, દુષ્ટ સ્વભાવવાળી, વ્યસન યુક્ત હોય છે.

દસમ: તે દિવસે જન્મનાર સુંદર, ચંચળ પણ સત્યગુણી, સ્ત્રીને જીતનાર, મોહક વ્યક્તિત્વ ધરાવનાર છતાં શરીર પર ધાના ચિહ્નવાળો બનશે. ધર્મ પરાયણ, સારા વિચાર સ્થાન રહેનાર, લોભી અક્કલવાળી, ભૌતિક સુખો પામનાર, સુંદર નેત્ર ધરાવનાર, ઈષ્ટ દેવની પૂજા કરનાર થાય છે.

અગિયારસ: તે દિવસે જન્મનાર જાતક લશ્કર, કૃષિ, કલાપ્રેમી, દ્રઢ મનોબળવાળો અને સત્યવાદી હોય છે. સ્ત્રી જાતક દેવતા અને આસક્તની પૂજા કરનાર, વ્રત-તપાદિમાં મગ્ન, દાન પૂણ્ય કરનાર, સત્કાર્યો કરવામાં આગળ, શાસ્ત્રમાં શ્રદ્ધા રાખનાર, લોક વ્યવહાર કરવામાં કુશળ હોય છે.



# 35+ years of Experience in Insurance Industry

★★★★★

Secure Your Tomorrow by Choosing Smart Insurance Options with Rajendra



RAJENDRA PARMAR
FINANCIAL ASSOCIATE

## Key Offerings

- Life Insurance
- Super Visa Insurance
- Visitor Visa Insurance
- Critical illness Insurance
- Disability Insurance
- Dental & Health Insurance
- Group Insurance
- Registered Education Savings Plan (RESP)
- Registered Retirement Savings Plan (RRSP)
- Segregated Funds & Investment
- Wills & Retirement Planning
- Financial Literacy for Companies
- Mortgages & Budget Planning

FREE INSURANCE QUOTE

** અમે ગુજરાતી બોલીએ છીએ **

RAJENDRA PARMAR

Phone Number:
CANADA : 226-552-9547
INDIA OFFICE :+919879579547
Email :
rajugeeta67@gmail.com

# દુનિયા દાદા-દાદીની



લેખક
શ્રીમતી મિનાક્ષી અ. કરમરકર

આપણા સમાજમાં આપણે ભારતીય પરંપરા, પ્રણાલી પ્રમાણે જીવનને ત્રણ ભાગમાં વહેંચી દીધું છે. બાળપણ એટલે શીખવાની અને રમવાની ઉંમર... યુવાની એટલે મોજશોખ, સપનાઓ અને પોતાની ઓળખ બનાવવાની ઉંમર અને ઘડપણ એટલે... ફક્ત પ્રભુસ્મરણ, ભજન-કીર્તન અને મંદિરમાં સમય પસાર કરવાની ઉંમર...

ભાઈ શા માટે? તમે નવરા પડયા એટલે ભગવાનને હેરાન કરવાના? જ્યારે એમની વાતો આપણને જૂની લાગે, ઘરમાં વડીલોને હાજરી અસહય લાગે, તેઓ આપણને ભારરૂપ લાગે કે તેઓ કનડગત કરે એટલે સહજ ઉચ્ચારો આવે "તમે મંદિરે જાવો... માળા કરો... ભગવાનનું નામ લો.." આ શબ્દોમાં સ્નેહ ઓછો અને "મુક્તિ મેળવવાની" ઈચ્છા વધુ હોય છે. આપણે કંટાળીએ છીએ એટલે ભગવાન પાસે મોકલી દઈએ... કારણ કે ભગવાન તો ક્યારેય ફરિયાદ નથી કરતા...! આ વાજબી ના કહેવાય.. શું દાદા-દાદી કે વડીલો ફક્ત એટલા માટે જ જીવતા હોય છે કે તેઓ નવરા પડી ગયા પછી ભગવાનને યાદ કરે...? સાચું કહીએ તો પ્રભુભક્તિ કોઈ ઉંમર પર આધારિત નથી. એ જીવનભર ચાલતી એક ભાવના છે. જો યુવાનીમાં ભગવાન સાથે જોડાણ ન રાખ્યું હોય, તો ઘડપણમાં અચાનક વધારાની ભક્તિ એ માત્ર એકલતાનો સહારો બની રહે છે.

પરંતુ વિચારીએ તો આ શું યોગ્ય છે...? આખી જીંદગી ભગવાનને માત્ર પોતાના કામ માટે યાદ કર્યા અને હવે જીવનના અંતે, મૃત્યુ નજીક આવે, પરિવારની કટુતાથી કંટાળી ભગવાનને પણ "લાંચ" આપવાની કોશિશ...? "મને સ્વર્ગ આપજો..." એવી અપેક્ષા...? કેટલી બધી લાચારી વડીલોની, આખી જીંદગીનું રોકાણ કડડભૂસ તૂટી પડે... અસહય વેદનામાંથી દિવસો પસાર કરવા પડે, ના કોઈને કહેવાય કે ના સહેવાય. દરેક પરિવારના વટવૃક્ષ એવા માવતર તો જીંદગીની છેલ્લી ક્ષણ સુધી પોતાના સંતાનોનું ઉત્તમ જ વિચારતા હોય છે.

અહીં મને એક દાદ-દાદીની માર્મિકવાર્તા યાદ આવે છે. આપણા સૌના જીવનમાં એ વટવૃક્ષનું કેટલું મહત્વ છે એ સમજાવે છે.

"એક નાનકડા ગામમાં રામ અને તેની બહેન રાધા રહેતા હતા. બંને ખુબ શરારતી, રમકડાં પ્રેમી અને મોબાઈલમાં ગેઈમ રમવામાં મસ્ત રહેતા બાળકો હતા. ઘરમાં તેમની સાથે દાદા અને દાદી પણ રહેતા પરંતુ રામ અને રાધાને તેમની સાથે બેસવું ગમતું નહોતું. દાદી રોજ સાંજે બોલાવતા, "બેટા, આવો ને, હું તમને એક સરસ વાર્તા કહું" પણ રામ તરત જ જવાબ આપતો,"દાદી, પછી કહેજો... હમણાં તો અમે ગેઈમ રમીએ છીએ..."


દાદા પણ કહેતા,"ચાલો, બહાર બગીચામાં ફરી આવીએ.." પણ રાધા કહેતી, "નહી દાદા, અમારી પાસે સમય નથી..." દાદા-દાદી શાંત રહી જતા...પણ તેમની આંખોમાં ઉંડુ દુઃખ દેખાતું, એ નાનાકડા ભૂલકાઓનું ઢૂંઢળુ થતું ભવિષ્ય દેખાતું. પરિવારમાં સંસ્કારના ધજાગરા ઉડતા દેખાતા અને ખાસ તો પોતાના બાળકોનું ભવિષ્ય કેવું રહેશે તે ચિંતા સતત એમની આંખોમાં ઝળકતી.

એક દિવસ, અચાનક ગામમાં લાઈટ ચાલી ગઈ. મોબાઈલ બંધ... ટીવી બંધ... એટલે ગેઈમ પણ બંધ...હવે શું કરવું...? રામ અને રાધા બોર થઈ ગયા. દાદી સ્મિત કરીને બોલ્યા, "ચાલો, આજે હું તમને એક ખાસ વાર્તા કહું..." બંને મજબૂરીમાં દાદી પાસે બેસી ગયા. દાદીએ વાર્તા શરૂ કરી, એક જાદુઈ જંગલની, એક બહાદુર રાજકુમારની, અને એક બોલતી ચકલીની.. થોડીવારમાં રામ અને રાધા એટલા મગ્ન થઈ ગયા કે તેઓ દુનિયા ભૂલી ગયા. તેમને એવું લાગ્યું કે તેઓ પોતે જ એ વાર્તાના પાત્રો છે!

ત્યારબાદ દાદાએ કહ્યું, "ચાલો, હવે હું તમને એક રમત શીખવાડું..." દાદાએ "અંતાક્ષરી" અને "કબડ્ડી" જેવી આપણી જૂની રમતો શીખવી. બંને ખુબ હસ્યા, દોડ્યા, અને આનંદ માણ્યો. એ રાતે... મોબાઈલ વગર પણ...એમને એટલો આનંદ આવ્યો કે તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા! સાથે સાથે એમની શારીરિક, માનસિક કસરતો થઈ ગઈ. એમને જીવવાની નવી દિશા મળી.

બીજા દિવસે રામ દાદી પાસે ગયો અને બોલ્યો, "દાદી, આજે ફરી વાર્તા કહેજો ને..." રાધા દાદાનો હાથ પકડીને બોલી, "દાદા, આજે પણ રમવા જઈએ..." દાદા-દાદીની આંખોમાં ખુશીના આંસુ આવી ગયા...એ દિવસથી... રામ અને રાધાએ રોજ થોડો સમય દાદા-દાદી સાથે વિતાવવાનો નક્કી કર્યો. તેમને સમજાયું કે દાદા-દાદી પાસે માત્ર વાર્તાઓ નથી પણ પ્રેમ, અનુભવ અને એક જાદુઈ દુનિયા છે. આમ દાદા-દાદી આપણા જીવનનો ખજાનો છે. તેમની સાથે સમય વિતાવવાથી આપણને સાચો આનંદ અને સાચા સંસ્કાર મળે છે.

મારા માટે ઘડપણનો અર્થ કંઈક અલગ છે. ઘડપણ એટલે અનુભવનું ખજાનું, ઘડપણ એટલે જીવનભર મેળવેલી સમજણને વહેંચવાનો સમય, ઘડપણ એટલે એક જીવંત "ગુરૂકુલ"...મારી નજરે તો ઘડપણ એટલે આખી જીંદગીમાં જે તમો અનુભવ મેળવ્યા તે બીજાને વહેંચવાનો, શીખવવાનો સમય... આજે સંયુક્ત કુટુંબો તૂટતા જાય છે અને વિભકત કુટુંબો વધતા ચાલ્યા જેને લઈને બાળકોને દાદા-દાદીના સાનિધ્યનો લાભ મળતો નથી. પારંપરિક સંસ્કારો, દાદા-દાદીની વાર્તાઓ અને જીવનમૂલ્યો મળતા જ નથી. પરિણામે સંસ્કારોની ખામી, સંવેદનાની ઉણપ અને જીવનમૂલ્યોમાં ખાલીપો જોવા મળે છે. આ ખાલીપો કોણ ભરી શકે? એ માત્ર અને માત્ર આપણા વડીલો જ ભરી શકે...





એવી સ્થિતિમાં વડીલો માત્ર ઘરનાં ખૂણે બેસી રહેવા માટે નથી પરંતુ ગુરૂકુળ જેવી સંસ્થાઓ વડીલો ચલાવી શકે છે. પોતે જે તે ફીલ્ડમાં હોય તો તે ફીલ્ડની જાણકારી યુવાધનને આપી શકે. હરતા ફરતા, દિશાહીન થયેલા નાનકડા દેવોને દિશા બતાવવાની જરૂર છે. બસ ઘડપણમાં પ્રભુભક્તિ ના કરતાં જરૂર છે યુવાજાગૃતિની પ્રવૃતિઓ કરવાની. આજે આપણું બાળપણ, યુવાધન દિશાહિન દોટ લગાવી રહ્યું છે ત્યારે એમને દિશા બતાવવાની જરૂર છે... અને આમ કરો એટલે ભગવાને સ્વર્ગ તો આપવું જ પડે.... સાચા અર્થમાં તમે મોક્ષના પણ હક્કદાર બનો... બરાબરને..

ઘડપણમાં ફક્ત પ્રભુભક્તિ પૂરતી નથી. પરંતુ પ્રવૃત્તિ, માર્ગદર્શન અને સમાજસેવા જરૂરી છે. વડીલો શાળા, સમાજ કે સંસ્થાઓમાં બાળકોને માર્ગદર્શન આપી શકે. તેમના અનુભવોથી યુવાઓને પ્રેરણા આપી શકે, જીવનના સત્ય વિશે સમજાવી શકે. આ રીતે તેઓ ફક્ત પોતાના માટે નહીં પણ સમગ્ર સમાજ માટે અમૂલ્ય બની શકે છે. પરંતુ આ માટે એક મોટો પ્રશ્ન છે કે શું આપણે તેમને એ તક આપી રહ્યા છીએ...? અથવા આપણે તેમને એક ખૂણામાં બેસાડી દીધા છે...? આપણે બદલાવ લાવવો પડશે. આપણે વડીલોને “આધાર” નહીં પણ “સહભાગી” બનાવવાના છે.

આખી જીંદગી જેમણે પોતાના આનંદને ત્યાગીને પરિવાર માટે જીવ્યા તો હવે આપણી ફરજ છે કે તેમના અધૂરા સપનાઓ પૂરા કરવામાં તેમની સાથે ઊભા રહીશું. આધુનિક યુગમાં ટેકનોલોજી એક મોટું સાધન બની શકે છે...જો આપણે તેમને સ્માર્ટફોન, ઈન્ટરનેટ, સોશિયલ મીડિયા શીખવીએ તો તેઓ નવી દુનિયા સાથે જોડાઈ શકે, તેમની એકલતા દૂર થઈ શકે. ફક્ત દિવસના ૧૦ મિનિટ જો આપણે દિલથી તેમને આપીએ તો એ ૧૦ મિનિટ તેમના માટે આખો દિવસ બની શકે છે.

તેમની સાથે વાત કરવી, તેમની વાતો સાંભળવી, તેમની લાગણીઓ સમજવી. આ નાની લાગતી બાબતો તેમના જીવનમાં મોટો ફેરફાર લાવી શકે છે. હવે આપણે તેમની લાકડી નહીં પણ તેમની “જીવવાની આશા” બની શકીએ. તેમના પાનખરના દિવસોને ફરી વસંતમાં ફેરવી શકીએ.

સાથે સાથે આપણા સંતાનોને પણ આ મૂલ્યો આપવાના છે. આ વેકેશનમાં તેમને વૃદ્ધાશ્રમ, નારીગૃહ, ચિલ્ડ્રન હોમ, ગૌશાળા જેવી જગ્યાએ લઈ જઈએ. જેથી તેઓ સમજે કે જીવન ફક્ત સુખ મેળવવાનું નથી પણ બીજાના દુઃખમાં સહભાગી થવાનું પણ છે. જ્યારે બાળક નાનપણથી “સેવા” અને “સંવેદના” શીખશે ત્યારે જ ભવિષ્યમાં એક સંવેદનશીલ સમાજ ઊભો થશે. આ લેખ ફક્ત વિચાર માટે નથી પણ એક આમંત્રણ છે... એક પરિવર્તન તરફનું આમંત્રણ...

ચાલો...આપણા ઘરમાંથી શરૂઆત કરીએ...દાદા-દાદીને સમય આપીએ...તેમની સાથે હસીએ...તેમની સાથે જીવીએ...કારણ કે...જે ઘરમાં વડીલો ખુશ હોય, તે ઘર માત્ર ઘર નથી રહેતું તે એક જીવંત સ્વર્ગ બની જાય છે...

**દાદા-દાદી ઘરની શાન, પ્રેમ ભરેલું એમનું માન**
**મીઠી વાતો, હાસ્ય ભર્યું, એમણે જીવન સુંદર કર્યું**
**દાદા કહે વાર્તા જૂની, દાદી આપે મમતા પૂરી**
**એમના આશીર્વાદનો સાથ, બને સુખમય જીવનનો પથ**
**નાનકડું દિલ ખુશીથી ભરે, જ્યારે દાદા-દાદી સાથે વીતે ઘડી**
**દાદા-દાદી છે ખજાનો અમારો, એમ વિના અધૂરો છે સંસાર સારો...**


MURTI'S KITCHEN

Sweets | Farsan | Snacks

- Dal-Bati
- Dakor na Gota
- Pavbhaji
- Vadapav
- Dabeli
- Papdi no lot
- Lilva Kachori

- Ladu(Gud/Sugar)
- Mohanthhal
- Magas
- Mysore Pak
- Penda
- Kopra pak

- Fulwadi
- Khaman(Vatidal )
- Khaman(Nylon )
- Sev Khamani
- Fafda
- Chole Bhature
- Patties

Winter Special
*METHI-PAK, ADADIYA-PAK, Khajur Pak (roll)*

And Many more.

Swaminarayan & Farar food Available

We do Catering

ફ્રેશ एवम् ટેસ્ટી
Murti's Kitchen

CALL US FOR MORE DETAILS
647-389-7549

Family Events
Birthday Event
Office Event
Wedding

DP
DHARMENDRA PATEL

# DHARMENDRA PATEL

FINANCIAL ADVISOR



**INSURANCE**

Life & Critical Illness Insurance
Mortgage Protection Insurance
Travel & Super Visa Insurance
Disability Insurance
Medical Insurance

**INVESTMENTS**

RRSP, RDSP, TFSA, RRIF & Annuities
Children Education Plans
Estate Planning

Contact : (647) 834-8690
@ Dharmendrapatel@primerica.com

# insureline PEARL

COMMERCIAL HOME AUTO TRAVEL

**Dharmendra Patel** RIBO

M : 647 834 8690
O : 647 507 9219 | F: 647 872 9219
dharma.patel@insureline.com | www.insurelinepearl.com
7900 Hurontario Street, Unit 302 Brampton, ON L6Y OP6
Independently Owned & Operated

# ભગવાન શ્રી વિષ્ણુ નો ચોથો અવતાર એટલે નૃસિંહ પ્રાગટ્ય દિવસ (નરસિંહ જયંતિ)



લેખક
ડૉ.જયેન્દ્ર કૃષ્ણાલાલ નાયક
(જૈન સંગીતકાર)

**ભગવાન વિષ્ણુના દશાવતાર (દસ મુખ્ય અવતાર) એ હિન્દુ ધર્મમાં સૃષ્ટિના રક્ષણ અને ધર્મની પુનઃસ્થાપના માટે લેવામાં આવેલા અવતાર છે. દશાવતાર નીચે મુજબ છેઃ**

(૧) મત્સ્ય (માછલી): પ્રથમ અવતાર.
(૨) કૂર્મ (કાચબો): સમુદ્ર મંથન સમયે.
(3) વરાહ (ડુક્કર/વરાહ): પૃથ્વીના રક્ષણ માટે.
(૪) નરસિંહ (અડધું સિંહ અને અડધું માનવ સ્વરૂપ): હિરણ્યકશિપુના વધ માટે.
(૫) વામન (વામન/નાનું માનવ સ્વરૂપ): રાજા બલિના ગર્વને તોડવા.
(૬) પરશુરામ (પરશુ ધારણ કરનાર):.
(૭) રામ (મર્યાદા પુરુષોત્તમ): રાવણના વધ માટે.
(૮) કૃષ્ણ (યોગેશ્વર):.
(૯) બુદ્ધ (ગૌતમ બુદ્ધ):.
(૧૦) કલ્કિ (કલિયુગના અંતમાં):.

નરસિંહ જયંતિ વૈષ્ણવ સંપ્રદાયનું મહત્વપૂર્ણ પર્વ છે, જે વૈશાખ મહિનાની શુક્લ પક્ષની ચતુર્દશીને દિવસે ઉજવાય છે. આ તિથિ ભગવાન વિષ્ણુના ચોથા અવતાર નરસિંહજી ના "અવતરણદિવસ "તરીકે ઉજવવામાં આવે છે, ભગવાન શ્રી નૃસિંહ ને શક્તિ તથા પરાક્રમના પ્રમુખ દેવતા માનવામાં આવે છે, પૌરાણિક માન્યતા તથા ધાર્મિક ગ્રંથો પ્રમાણે આ તિથિએ ભગવાન વિષ્ણુએ ભક્ત પ્રહલાદની રક્ષા કરવા માટે નૃસિંહ સ્વરૂપમાં અવતાર લઈને રાક્ષસોના રાજા હિરણ્યકશિપુનો નાશ કર્યો હતો.

*નૃસિંહ અવતાર ની પૌરાણિક કથા:-

ગ્રંથો પ્રમાણે કશ્યપ નામના ઋષિના બે દીકરા હતાં. પહેલાનું નામ હિરણ્યાક્ષ અને બીજા દિકરાનું નામ હિરણ્યકશિપુ હતું. બંને માં આસુરી ગુણ હતાં. હિરણ્યકશિપુ નામ કેમ પડ્યું તેની કથા સંક્ષિપ્ત માં જોઈએ.

હિરણ્યકશિપુ' એટલે
'હિરણ્ય' (સોનું/સુવર્ણ)
'કશિપુ' એટલે (આસન/ગાદી).

જ્યારે દિતિએ આ દૈત્યને જન્મ આપ્યો, ત્યારે કશ્યપ ઋષિ અશ્વમેધ યજ્ઞ કરી રહ્યા હતા અને તે સમયે દિતિ સુવર્ણ આસન (હિરણ્ય આસન) પર બેઠી હતી, તેથી તેનું નામ



હિરણ્યકશિપુ પડ્યું. અન્ય મંતવ્યો પ્રમાણે ઘણા હિરણ્યકશ્યપ કે તળપદી ભાષામાં હરણાકંસ કે હયણાકંસ તરીકે પણ જાણે છે. આ અસુરો ના ત્રાસ થી ધરતીને બચાવવા માટે ભગવાન વિષ્ણુએ વરાહ સ્વરૂપમાં અવતાર લઈને કશ્યપ ઋષિના દીકરા હિરણ્યાક્ષને મારી નાખ્યો હતો. ભાઈના મૃત્યુથી દુ:ખી અને ગુસ્સે થઈને હિરણ્યકશિપુ એ બદલો લેવાનું નક્કી કરી લીધું. તેણે ખૂબ જ આકરી તપસ્યા કરીને બ્રહ્માજીને પ્રસન્ન કરી મનુષ્ય, દેવતા, પક્ષી, પશુ, દિવસ નહીં, રાત નહીં, ધરતી ઉપર નહીં, આકાશમાં નહીં, અસ્ત્રથી નહીં કે શસ્ત્રથી પણ મૃત્યુ પામે નહીં તેવું વરદાન પ્રાપ્ત કર્યું હતું. આવું વરદાન પ્રાપ્ત કરી લીધા પછી તે પોતાને અમર સમજવા લાગ્યો. તે પછી તેણે ઈન્દ્રનું રાજ્ય છીનવી લીધું .તે દેવતાઓ સાથે જ ઋષિ-મુનીઓને પણ પરેશાન કરવા લાગ્યો. તે ઈચ્છતો હતો કે બધા લોકો તેને જ ભગવાન માને અને તેની પૂજા કરે. આથી તેણે પોતાના રાજ્યમાં ભગવાન વિષ્ણુની પૂજા બંધ કરાવી દીધીહતી.હિરણ્યકશિપુ

નો દીકરો પ્રહલાદ ભગવાન વિષ્ણુનો ભક્ત હતો. તેને આવું કરવાથી રોકવા માટે અનેક પ્રયત્નો કર્યા પરંતુ તે ભગવાન વિષ્ણુ નો ઉપાસક હોવાથી વિષ્ણુ ની પૂજા કરતો રહ્યો.આ કારણેહિરણ્યકશિપુ એ પોતાના દીકરાની હત્યા માટે અનેક પ્રયત્નો કર્યા પરંતુ ભક્ત પ્રહલાદ ભગવાન વિષ્ણુની કૃપાથી દરેક વખત બચી જતો હતો.પ્રહલાદ નું હૃદય શ્રદ્ધાનો કિલ્લો હતો. તેની શ્રદ્ધા તોડવા માટે હિરણ્યકશિપુ એ બધું જ કર્યું .ઝેર, હાથી, સાપ , પર્વત પરથી નીચે ગબડાવ્યો.છતાં પ્રહલાદ અડગ રહ્યો. અંતે પ્રહલાદ ની ફોઈ હોલિકા પ્રહલાદ ને પોતાના ખોળા માં બેસાડીને કાષ્ટ ની ચિતા પર બેસી ગઈ કેમ કે તેને વરદાન હતું કે અગ્નિ તેને બાળશે નહીં પરંતુ પ્રભુ કૃપા એ પવન ફુંકાતા માથા પર થી ચૂંદડી ઊડી જતા તે બળી ગઈ ભક્ત પ્રહલાદ આગમાંથી ઊગરી ગયો.આ પ્રસંગ ને આપણે હોલિકા દહન તરીકે મનાવીએ છીએ.એક દિવસ ગુસ્સામાં હિરણ્યકશિપુ એ પ્રહલાદને કહ્યું, ક્યાં છે તારા ભગવાન.?સામે બોલાવ!. પ્રહલાદે કહ્યું, મારા ભગવાન તો કણ-કણ માં છે. હિરણ્યકશિપુ એ ગુસ્સામાં કહ્યું, "સારું તો આ થાંભલામાં છે તારા ભગવાન? "પ્રહલાદે કહ્યું હા, આ સાંભળીને હિરણ્યકશિપુ એ પોતાની ગદાથી થાંભલા ઉપર પ્રહાર કર્યો, તે સમયે જ થાંભલા માંથી નૃસિંહ ભગવાન પ્રકટ થયાં ((અડધું સિંહ અને અડધું માનવ સ્વરૂપ)અને હિરણ્યકશિપુ ને સંધ્યા(સંધ્યા કાળ,ગોધુલી વેળા, સાંજ) કાળે દરવાજા ના થાંભલાની વચ્ચે પોતાના સાથળ ઉપર રાખીને તેની છાતી ને નખથી ચીરી ને મારી નાંખ્યો.આ રીતે ભગવાને પોતાના ભક્ત ના વચન ની લાજ રાખીને ભક્તની રક્ષા કરી.

ઉત્સવ અનેપૂજા વિધિઃ-

હતો.આ દિવસે ભગવાન વિષ્ણુએ ભક્ત પ્રહલાદને બચાવવા માટે ચોથો અવતાર લીધો હતો. બપોરે શાંત ચિંતનમાં અથવા વિષ્ણુ સહસ્ત્રનામ વાંચવામાં વિતાવવાનો પ્રયાસ કરો. જ્યારે સાંજ પડે ત્યારે દૂધ, ધી અને મધ, તેમજ તુલસી વડે નરસિંહ ની મૂર્તિ અથવા ચિત્ર પર અભિષેક કરવામાંઆવેછે.

ભગવાન નરસિંહની પૂજામાં ચંદનનો ઉપયોગ ખાસ કરીને કરવામાં આવે છે. આ ભગવાન વિષ્ણુનું રૌદ્ર સ્વરૂપ છે. માટે જ, તેમના ગુસ્સાને ઓછો કરવા માટે ચંદનનો લેપ લગાવવામાં આવે છે. ચંદન ઠંડક પહોંચાડે છે. જેથી તેનો ઉપયોગ પૂજામાં ખાસ કરીને કરવામાં આવે છે..જો તમારી પાસે ફેન્સી વસ્તુઓ ન હોય તો ચિંતા કરશો નહીં; ભગવાન નરસિંહ તો 'પાંદડા અને પાણી'થી પણ સંતુષ્ટ થાય છે.આમ ભગવાન વિષ્ણુની નૃસિંહ સ્વરૂપમાં પૂજા કરવાથી બીમારીઓ દૂર થાય છે અને ઘર માં રહેલી નકારાત્મકતા દૂર થાય છે.આ દિવસે વ્રત કરનાર ભક્તે ભગવાનની પૂજા પૂર્ણ કરીને શ્રદ્ધા પ્રમાણે અનાજ, જળ, તલ, કપડા અથવા લોકોની જરૂરિયાત પ્રમાણે વસ્તુઓનું દાન કરવું જોઈએ.આમ કરવાથી વ્રત કરનાર ભક્ત ના દરેક પ્રકારના દુઃખ દૂર થઈ જાય છે તેમજ દુશ્મનો ઉપર વિજય પ્રાપ્ત થાય છે . સમગ્ર મનોકામના પણ પૂર્ણ થાય છે.

મંદિરોમાં નૃસિંહ ભગવાનના અવતારની કથા વાંચવામાં આવે છે.

* નૃસિંહ (નરસિંહ) ચાલીસા:જ્યોતિષ શાસ્ત્રો અનુસાર નરસિંહ જયંતિ ના અવસરે નરસિંહ ચાલીસાનો પાઠ કરવાથી સંકટો દૂર થઈ જાય છે. આ પાઠ કરવાથી ભગવાન નરસિંહ પ્રસન્ન થાય છે અને ભક્તો પર પોતાની કૃપા વરસાવે છે. ભક્તો "ઉગ્રનરસિંહ સ્તોત્ર" વગેરે પાઠ કરે છે ભગવાન નરસિંહના મંત્રો અત્યંત શક્તિશાળી અને રક્ષણકારી માનવામાં આવે છે, જે ભય, નકારાત્મકતા અને શત્રુઓથી મુક્તિ અપાવે છે. સૌથી લોકપ્રિય અને શક્તિશાળી મંત્ર "ઉગ્રં વીરં મહાવિષ્ણુમ્..." છે. આ મંત્રોના જાપથી આધ્યાત્મિક શક્તિ અને નિર્ભયતા મળે છે.

**૧. નરસિંહ મહા મંત્ર (રક્ષણ અને ભય મુક્તિ માટે):**

**"ઉગ્રં વીરં મહાવિષ્ણુમ્ જ્વલન્તમ્ સર્વતોમુખમ્ |**
**નૃસિંહમ્ ભીષણમ્ ભદ્રમ્ મૃત્યુર્મૃત્યુમ્ નમામ્યહમ્ ||"**

**૨. મૂળ મંત્ર (સરળ જાપ માટે):**

**"ઓમ્ નરસિંહાય નમઃ"**

**૩. નરસિંહ ગાયત્રી મંત્ર (જ્ઞાન અને આંતરિક શક્તિ માટે):**

**"ઓમ્ વજ્રનખાય વિદ્મહે**
**તીક્ષ્ણદંષ્ટ્રાય ધીમહિ |**
**તન્નો નરસિંહઃ પ્રચોદયાત્ ||"**


લાભ: આ મંત્રોનો નિયમિત જાપ (૧૦૮ વાર) કરવાથી જીવનના અવરોધો દૂર થાય છે, માનસિક શાંતિ મળે છે અને ભગવાન નરસિંહના આશીર્વાદ પ્રાપ્ત થાય છે.


"Honest Deals. Real Results."
Your Trusted Partner
in Every Property (Residentials / Commercials) Journey
Jignesh Patel
REAL ESTATE BROKER
Stop Renting. Start Owning.
Your Dream Home Awaits!
• Personalized Guidance for Buyer & Sellers
• More Than 5+ Years of Experience
• Transparent Service
• Check Reviews on Google & Instagram and Lets get Started!!
Let's Get Started
647-381-1492
realtor@jignesh.ca
5010 Steeles Ave. W., Suite 11A
Toronto ON M9V 5C6
Office: 416-747-97777
Fax: 416-747-7135
realtor@jignesh.ca
HOMELIFE
HIGHER STANDARDS
HomeLife/Miracle
Realty Ltd., Brokerage
Each Office Independently Owned & Operated

# વિશ્વ સ્થળાંતર પક્ષી દિવસ




સંકલન
હસમુખ બી. પટેલ
'હર્ષ'-'પરખ'
અમદાવાદ-નારદીપુર
Mob No
98792 02380
E Mail
patelh166@gmail.com


## આકાશના અણનમ પ્રવાસીઓની સફર અને સંરક્ષણ

પ્રકૃતિની સુંદરતામાં પક્ષીઓનું સ્થાન અનોખું છે, અને તેમાં પણ 'સ્થળાંતરિત પક્ષીઓ' (Migratory Birds) તો કુદરતનો એક ચમત્કાર ગણાય. હજારો કિલોમીટરનું અંતર કાપી, સરહદો ઓળંગી, દિશાઓનું અચૂક જ્ઞાન રાખીને એક ખંડમાંથી બીજા ખંડમાં આવતા આ પક્ષીઓ આપણી જીવસૃષ્ટિનો અભિન્ન હિસ્સો છે. પ્રકૃતિના આકાશમાં ઊડતાં પક્ષીઓ માત્ર સૌંદર્યનું પ્રતિક નથી, પરંતુ પૃથ્વીના પર્યાવરણનું જીવંત સૂચક પણ છે. ઋતુઓના ફેરફાર સાથે હજારો કિલોમીટરનું અંતર કાપીને એક દેશથી બીજા દેશમાં પહોંચતા સ્થળાંતર પક્ષીઓ પ્રકૃતિની અદભૂત રચનાનું દૃષ્ટાંત છે. આ અદભૂત યાત્રાને સમર્પિત એક વૈશ્વિક ઉજવણી છે - વિશ્વ સ્થળાંતર પક્ષી દિવસ. આ પક્ષીઓ અને તેમના રહેઠાણોના સંરક્ષણ માટે જાગૃતિ લાવવા દર વર્ષે 'વિશ્વ સ્થળાંતર પક્ષી દિવસ' (World Migratory Bird Day -WMBD) ઉજવવામાં આવે છે.

## વિશ્વ સ્થળાંતર પક્ષી દિવસની શરૂઆત

વિશ્વ સ્થળાંતર પક્ષી દિવસની શરૂઆત વર્ષ 2006 માં કરવામાં આવી હતી. યુનાઈટેડ નેશન્સ (UN) ના નેજા હેઠળ આ દિવસની શરૂઆત કરવામાં આવી હતી. સંયુક્ત રાષ્ટ્રની બે મહત્વપૂર્ણ આંતરરાષ્ટ્રીય સંધિઓ -'કન્વેન્શન ઓન માઈગ્રેટરી સ્પીસીઝ' (Convention on Migratory Species - CMS) અને 'આફ્રિકન-યુરેશિયન વોટરબર્ડ એગ્રીમેન્ટ' (African-Eurasian Migratory Waterbird Agreement - AEWA) દ્વારા આ અભિયાનની પ્રેરણા મળી હતી અને આ દિવસની ઉજવણીનો પાયો નંખાયો હતો.

શરૂઆતમાં આ દિવસ વર્ષમાં એક જ વાર ઉજવાતો હતો, પરંતુ પક્ષીઓના સ્થળાંતરના ચક્રને ધ્યાનમાં રાખીને, 2018 થી તે વર્ષમાં બે વાર (મે મહિનાના બીજા શનિવારે અને ઓક્ટોબર મહિનાના બીજા શનિવારે) ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું. આ દિવસો પક્ષીઓના ઉત્તર અને દક્ષિણ તરફના પ્રયાણના સમયગાળાને દર્શાવે છે. ટૂંકમાં આ દિવસ દર વર્ષે મે અને ઑક્ટોબરના બીજા શનિવારે ઉજવવામાં આવે છે, કારણ કે સ્થળાંતર બે મુખ્ય ઋતુઓમાં થાય છે - વસંત અને શરદ. શરૂઆતમાં આ દિવસ મુખ્યત્વે આફ્રિકા-યુરેશિયા ક્ષેત્ર સુધી મર્યાદિત હતો, પરંતુ 2018થી આ અભિયાન વૈશ્વિક સ્તરે એકરૂપ રીતે ઉજવવામાં આવે છે. વર્તમાન વર્ષ ઈ.સ. 2026માં 'વિશ્વ સ્થળાંતર પક્ષી દિવસ' (World Migratory Bird Day -WMBD) વસંત ઋતુમાં તા. 9 મે અને શરદ ઋતુમાં 10 ઓક્ટોબરના રોજ ઉજવવામાં આવશે

## સ્થળાંતર પાછળનું વિજ્ઞાન અને કારણો

**જગતમાં એક ઠેકાણેથી ખાસ્સા દૂર બીજે ઠેકાણે જતા પક્ષીઓના સ્થળાંતર પાછળ મુખ્ય ત્રણ કારણો છે**

**ખોરાકની શોધ:** શિયાળામાં બરફ પડવાને કારણે ઉત્તર ગોળાર્ધમાં ખોરાક (કીટકો, માછલી) ની અછત સર્જાય છે.

**હવામાન:** અત્યંત ઠંડીથી બચવા માટે તેઓ હૂંફાળા પ્રદેશો તરફ પ્રયાણ કરે છે.

**પ્રજનન અને ઉછેર :** સુરક્ષિત અને અનુકૂળ વાતાવરણમાં બચ્ચાઓ ઉછેરવા માટે તેઓ ચોક્કસ સ્થળોએ પહોંચે છે.

પૃથ્વી ઉપર આટલું બધું અધધધ સ્થળાંતર કરતા પક્ષીઓ જવાનો રસ્તો કેવી રીતે શોધે છે, આવવાનો રસ્તો કેવી રીતે યાદ રાખે છે તે હજુ પણ સંશોધનનો વિષય છે. પરંતુ વૈજ્ઞાનિકોની માન્યતા અનુસાર આ પક્ષીઓ પૃથ્વીના ચુંબકીય ક્ષેત્ર ( Magnetic Field )નો ઉપયોગ કરે છે. તેઓ સૂર્ય, તારાઓ અને ચંદ્રની સ્થિતિ પરથી દિશા નક્કી કરે છે. આ પક્ષીઓ પર્વતો, નદીઓ અને કિનારા જેવા ભૌગોલિક નિશાનોને યાદ રાખે છે.

## ઉજવણીનો મુખ્ય હેતુ

સ્થળાંતર કરતા પક્ષીઓ માત્ર એક દેશના નથી - તેઓ સમગ્ર વિશ્વનો સંયુક્ત કુદરતી વારસો છે. વિશ્વ સ્થળાંતર પક્ષી દિવસ ઉજવવા પાછળના મુખ્ય ઉદ્દેશ્યો નીચે મુજબ છે:

**1. જાગૃતિ લાવવી:**

સ્થળાંતર કરનારા પક્ષીઓ સામેના જોખમો (જેમ કે આબોહવા પરિવર્તન, રહેઠાણનો નાશ અને પ્રદૂષણ) વિશે લોકોને માહિતગાર કરવા. સ્થળાંતર પક્ષીઓની સુરક્ષા વિશે જાગૃતિ ફેલાવવાનો હેતુ આ ઊજવણીમાં રહેલો છે. ટૂંકમાં આજે પર્યાવરણમાં રહેલા માનવજન્ય ખતરાઓ - જેમ કે પ્રદૂષણ, પ્લાસ્ટિક, કાચની ઈમારતો, કૃત્રિમ પ્રકાશ અને જળવાયુ પરિવર્તન - વિશે ચેતવણી આપવાનો આશય આ ઊજવણીમાં રહેલો છે.

**2. સંરક્ષણ:**

પક્ષીઓના રોકાણ માટેના સ્થળો (Wetlands, જંગલો) ને બચાવવા માટે આંતરરાષ્ટ્રીય સહયોગ વધારવો. પક્ષીઓ માટે અનુકૂળ નિવાસસ્થાનોનું સંરક્ષણ કરવું એ આ ઊજવણીનો એક હેતુ છે.

**3. પ્રાકૃતિક મહત્વ:**

પક્ષીઓ પરાગનયન, બીજ પ્રસાર અને જીવાત નિયંત્રણમાં જે ફાળો આપે છે તેનું મહત્વ સમજાવવું. પ્રકૃતિમાં વિવિધ પક્ષીઓના મહત્વને ઉજાગર કરવા માટે આ દિવસ ઊજવાય છે.

**4. વૈશ્વિક જોડાણ:**


પક્ષીઓ સરહદો જાણતા નથી, તેથી તેમના રક્ષણ માટે વિવિધ દેશોએ સાથે મળીને કામ કરવાની પ્રેરણા પૂરી પાડવી.

**5. યુવાજાગૃતિ :**

આજના યુવાનોમાં પર્યાવરણ પ્રત્યે જવાબદારીની ભાવના વિકસાવવી જેથી સ્થળાંતર કરતા પક્ષીઓને મહત્તમ સુરક્ષા મળી શકે.



**સ્થળાંતર એ પક્ષીઓની સહનશક્તિ અને દિશાજ્ઞાનની એક મહત્વપૂર્ણ કસોટી છે. અહીં એવા 10 પક્ષીઓની સૂચિ મૂકેલ છે જે હજારો માઈલની સફર ખેડે છેઃ**




**1. આર્કટિક ટર્ન (Arctic Tern)**

આ પક્ષી સમગ્ર વિશ્વનું સ્થળાંતર કરનાર 'ચેમ્પિયન' છે. તે આર્કટિક (ઉત્તર ધ્રુવ) થી એન્ટાર્કટિકા (દક્ષિણ ધ્રુવ) સુધીની મુસાફરી કરે છે. તે વર્ષમાં અંદાજે 70,000 થી 80,000 કિમી નું અંતર કાપે છે.

**2. બાર-ટેલ્ડ ગોડવિટ (Bar-tailed Godwit)**

આ પક્ષી અલાસ્કાથી ન્યુઝીલેન્ડ સુધીની 11,000 કિમીથી વધુની મુસાફરી ક્યાંય પણ રોકાયા વગર (Non-stop) માત્ર 9-10 દિવસમાં પૂરી કરે છે.

**3. એમુર ફાલ્કન (Amur Falcon)**

આ નાનું બાજ સાઈબિરીયા અને ચીનથી દક્ષિણ આફ્રિકા સુધી જાય છે. ભારતનું નાગાલેન્ડ તેના રૂટમાં મહત્વનું સ્ટોપ છે.

**4. સુટી શિયરવોટર (Sooty Shearwater)**

આ દરિયાઈ પક્ષી વર્ષમાં અંદાજે 64,000 કિમી નું અંતર કાપે છે, જે દરમિયાન એ વિશાળકાય પેસિફિક મહાસાગરની ઓળંગે છે.

**5. ગ્રેટ સ્નાઈપ (Great Snipe)**

આ પક્ષી આફ્રિકાથી યુરોપ સુધીની મુસાફરીમાં અંદાજે 95 કિમી/કલાક ની ઝડપે ઉડે છે, જે પક્ષી જગતમાં ખૂબ જ ઝડપી ગણાય છે.

**6. રૂફસ હમિંગબર્ડ (Rufus Hummingbird)**

માત્ર 3 ઈંચનું આ નાનું પક્ષી અલાસ્કાથી મેક્સિકો સુધી 6,000 કિમીની મુસાફરી કરે છે, જે તેના શરીરના કદ પ્રમાણે આશ્ચર્યજનક છે.

**7. સ્વેઈનસન્સ હોક (Swainson's Hawk)**

આ શિકારી પક્ષી ઉત્તર અમેરિકાથી આર્જેન્ટિના સુધી લગભગ 11,000 કિમીનું અંતર કાપે છે.




**8. નોર્ધન વ્હીટીયર (Northern Wheatear)**

આ નાનકડું પક્ષી આર્કટિક પ્રદેશોથી આફ્રિકા સુધી દરિયાઈ અને રણ વિસ્તાર ઓળંગીને લાંબી સફર કરે છે.

**9. બ્લેકપોલ વોરબ્લર (Blackpoll Warbler)**

આ પક્ષી ઉત્તર અમેરિકાથી દક્ષિણ અમેરિકા જવા માટે એટલાન્ટિક મહાસાગર ઉપર સતત 3 દિવસ સુધી ઉડે છે.

**10. વ્હાઈટ સ્ટોર્ક (White Stork)**

યુરોપથી આફ્રિકા સ્થળાંતર કરતું આ પક્ષી જમીન પરના ગરમ પવનો (Thermals) નો ઉપયોગ કરીને લાંબું અંતર કાપે છે.

## આપણી ભૂમિકા

વર્તમાન વિસંગતતાના વાતાવરણમાં સમજદાર માણસોએ કંઈક તો કરવું જ પડશે. આપણે

એક જવાબદાર નાગરિક તરીકે આ પક્ષીઓને બચાવવામાં નીચે દર્શાવેલ સૂચનોના સંનિષ્ઠ અમલીકરણ દ્વારા મદદ કરી શકીએ છીએઃ

1. પ્લાસ્ટિકનો વપરાશ ઘટાડવોઃ એક સામૂહિક જાગૃતિ થકી પ્લાસ્ટિકના વપરાશ ઉપર સંપૂર્ણ પ્રતિબંધની જરૂર છે. આ કડક પ્રતિબંધ જ જળાશયો, નદીઓ અને પાણી મળતી અન્ય તમામ જગાઓ પ્લાસ્ટિક મુક્ત કરી શકશે. આટલા બધા અંતરથી આવેલા પક્ષીઓને ચોખ્ખું પાણી અને ખોરાક મળી રહે એ જોવાની જે તે વિસ્તારના નાગરિકોની પ્રાથમિક જવાબદારી છે.

2. દેશી વૃક્ષો વાવવાઃ પક્ષીઓને ખોરાક અને આશ્રય મળી રહે તે માટે સ્થાનિક વનસ્પતિ ઉગાડવી. વર્તમાન યુગમાં ખેતીલાયક જમીન, જંગલો, વૃક્ષો, વનસ્પતિ, ફૂલ છોડનો સતત નાશ થઈ રહ્યો છે એ સદંતર ખોટું છે. વૃક્ષારોપણ એ સૌથી મહત્વપૂર્ણ અભિગમ છે.

3. ઊર્જા સંરક્ષણઃ વીજવપરાશનું નિયમન કરવાનો તબક્કો આવી ગયો છે. રાત્રિના સમયે બિનજરૂરી લાઈટો બંધ રાખવાનો ફરજિયાત નિયમ બનાવવાની જરૂર છે. અકારણ થતું વધારે લાઈટિંગ પ્રતિબંધિત હોવું જોઈએ. પક્ષીઓના સ્થળાંતરના સમયગાળા દરમિયાન આ અમલીકરણ અનિવાર્ય કરવાની જરૂર છે.

4. જળાશયોનું સંરક્ષણઃ આપણી આસપાસના તળાવો અને ભીની જમીન ( Wetlands ) ને પ્રદૂષિત થતી અટકાવવી. જળાશયો, તળાવો, નદીઓના પાણીની સ્વચ્છતા માટે જાગૃતિ અભિયાન ચલાવીને સૌને જગાડવાનો સમય આવી ગયો છે.

પક્ષીઓને પાણી અને દાણા આપવા : રોજબરોજની દિનચર્યામાં પક્ષીઓને પીવા માટે પાણી તથા ખાવા માટે ખોરાક આપવાનો સમાવેશ

ગેરકાયદે શિકાર સામે અવાજ ઉઠાવવોઃ એક જાગૃત નાગરિક તરીકે સ્થળાંતર કરીને આપણી આસપાસ આવતા પક્ષીઓના ગેરકાયદેસર શિકાર જેવી પ્રવૃત્તિની જાણકારી મળે તો તુરંત આગળની કાર્યવાહી કરવી.

7. બાળકોને પ્રકૃતિ વિશે શિક્ષિત કરવા : આપણી આવનારી પેઢીને જો અત્યારથી જ પ્રકૃતિ, પક્ષીઓ, પર્યાવરણ, પ્રાણીઓ વિશે માહિતી આપતા રહીશું તો આ બાળકો મોટા થઈ બહુ સભાન બનશે.

## સ્થળાંતર કરનારા પક્ષીઓ સામેના પડકારો

આજના આધુનિક યુગમાં આ પક્ષીઓની સફર વધારે જોખમી બની છેઃ

આબોહવા પરિવર્તન ( Climate Change ): તાપમાન વધવાને કારણે પક્ષીઓના આગમન અને ખોરાકની ઉપલબ્ધતાના સમયમાં અસંતુલન સર્જાય છે. અતિશય ઠંડી કે બર્ફીલા પ્રદેશોમાં જતા પક્ષીઓને હવે જે તે પ્રદેશોમાં પણ વૈશ્વિક સ્તર પરના આબોહવા પરિવર્તનને કારણે ઠંડી અને બરફનો સામનો કરવો પડે છે.

રહેઠાણનો નાશઃ જળાશયો સુકાઈ જવા, જંગલો કપાવા અને શહેરીકરણને કારણે તેમને આરામ કરવા માટે જગ્યા મળતી નથી. આજના યુગમાં વિકાસના નામે પર્યાવરણ અને પ્રકૃતિને માણસજાતે છેવાડે મૂક્યા છે. આ કમનસીબ નીતિ અને નિર્ણયોનો ભોગ આ અબોલ પક્ષીઓ બને છે.

પ્રકાશ પ્રદૂષણઃ રાત્રે શહેરોની તેજ લાઈટો પક્ષીઓને ભ્રમિત કરે છે, જેના કારણે તેઓ ગગનચુંબી ઈમારતો સાથે અથડાઈને મૃત્યુ પામે છે. સતત બંધાતી ગગનચુંબી ઈમારતો, મોબાઈલ ટાવર, અન્ય મેગ્નેટિક પરિબળો, અસહ્ય લાઈટિંગ વિગેરે સામાન્ય બની રહ્યા છે. સમજ્યા વગર આજનો માનવી પ્રાકૃતિક નિર્માણ પર અત્યાચાર કરી રહ્યો છે.

પ્લાસ્ટિક અને પ્રદૂષણઃ જળાશયોમાં પ્લાસ્ટિક પક્ષીઓના પેટમાં જવાથી કે તેમાં ફસાવાથી તેમના જીવ જાય છે. પ્રદૂષણ માણસને જેટલું નુકસાન કરે છે એના કરતાં અનેકગણું નુકસાન અબોલ જીવોનો કરી રહ્યું છે. સ્થળાંતર પછી પહોંચનારી જગાએ પક્ષીઓ જે વિશ્વાસથી ખોરાક ખાતા તથા પાણી પીતા એ વિશ્વાસમાં આજે તેઓ મરી રહ્યા છે.

વેટલેન્ડ્સનું સૂકાવુંઃ જુદા જુદા કારણોસર ભીની જમીન સૂકાતી જાય છે, જે આવનાર પક્ષીઓ માટે પ્રતિકૂળ બને છે.

ગેરકાયદે શિકારઃ પક્ષીઓના ગેરકાયદેસર શિકારનું પ્રમાણ પહેલાં કરતાં વધ્યું છે અને હવે માનવ શિકારીઓ સ્થળાંતર કરતાં પક્ષીઓનો શિકાર જેવા અધમ કૃત્યો થકી કાળી કમાણી કરે છે. આ મુદ્દો સ્થળાંતર કરતા પક્ષીઓ માટે જોખમી બની ગયેલ છે.

કાચની ઊંચી ઈમારતોઃ આજના સમયે કાચની ઊંચી ઈમારતો સ્થળાંતર કરતા પક્ષીઓની નિશ્ચિત અને મક્કમ ઉડાનમાં અવરોધ પેદા કરી રહી છે.

# છેલ્લા 20 વર્ષની મુખ્ય વિષયવસ્તુ (થીમ્સ - Themes)

દર વર્ષે 'વિશ્વ સ્થળાંતર પક્ષી દિવસ' (World Migratory Bird Day -WMBD) એક ચોક્કસ વિષયવસ્તુ (થીમ) સાથે ઉજવવામાં આવે છે, જે પક્ષીઓ સામેના તત્કાલીન પડકારોને પ્રતિબિંબિત કરે છે. અહીં છેલ્લા કેટલાક વર્ષોની મહત્વની થીમ્સની યાદી છે:

2006 : સ્થળાંતર કરનારા પક્ષીઓને હવે આપણી મદદની જરૂર છે. (Migratory birds need our help now)

2008 : સ્થળાંતર કરનારા પક્ષીઓ: જૈવવિવિધતાના દૂત. (Migratory birds: messengers of biodiversity)

2010 : સ્થળાંતર કરનારા પક્ષીઓને સંકટ સમયે બચાવો (Save Migratory Birds in Crisis)

2011 : લેન્ડ યુઝ ફેરફારો: પક્ષીઓના દ્રષ્ટિકોણથી (Land Use Changes: from Bird's Perspective)

2012 : સ્થળાંતર કરનારા પક્ષીઓ અને આપણે - સમયની સાપેક્ષ સાથે છીએ (Migratory Birds and People - Together Through Time)

2013 : પક્ષીઓ માટે નેટવર્ક બનાવો (Connecting Birds and People)

2014 : ગંતવ્ય ઊડાન માર્ગ - સ્થળાંતર કરનારા પક્ષીઓ અને પ્રવાસન (Destination Flyways: Migratory Birds and Tourism) . આ વિષયવસ્તુ એ દર્શાવે છે કે કેવી રીતે પક્ષીઓના સ્થળાંતર માર્ગો (flyways) અને તેમના મુકામ (destinations) ને પર્યટન સાથે જોડીને તેનું સંરક્ષણ કરી શકાય છે. ગુજરાત જેવા રાજ્યોમાં શિયાળામાં આવા અનેક વિદેશી પક્ષીઓ આવે છે.

2015 : ઊર્જા - પક્ષી મૈત્રીપૂર્ણ બનાવો (Energy - Make it bird friendly)

2016 : સ્થળાંતર કરનારા પક્ષીઓની ગેરકાયદેસર હત્યા, કબજો અને વેપાર બંધ કરો (Stop the Illegal Killing, Taking and Trade of Migratory Birds)

2017 : પક્ષીઓનું રક્ષણ: આપણું ભવિષ્ય તેમની સાથે જોડાયેલું છે . પૃથ્વી સ્થળાંતર કરનારા પક્ષીઓ અને પ્રજા માટે સ્વસ્થ ગ્રહ છે. (Their Future is Our Future - A Healthy Planet for Migratory Birds and People)

2018 : પક્ષી સંરક્ષણ માટે આપણા અવાજોને એક કરો (Unifying Our Voices for Bird Conservation)

2019 : પક્ષીઓનું રક્ષણ કરો: પ્લાસ્ટિક પ્રદૂષણનો ઉકેલ બનો (Protect Birds: Be the Solution to Plastic Pollution)

2020 : પક્ષીઓ આપણા વિશ્વને જોડે છે (Birds Connect Our World)

2021 : ગાઓ, ઉડો, ઉંચે ઉડો - પક્ષીની જેમ! (Sing, Fly, Soar - Like a Bird!)

2022 : પ્રકાશ પ્રદૂષણ (Light Pollution) - રાત્રિના આકાશને બચાવો

2023 : પાણી: પક્ષીઓના જીવનનો આધાર (Water: Sustaining Bird Life)


2024 : કીટકો (જંતુઓ) : પૌષ્ટિક પક્ષીઓ (Insects: Nourishing Birds): પક્ષીઓનો ખોરાક અને તેમનું મહત્વ. આ થીમ 'કીટકો' પર ધ્યાન કેન્દ્રિત કરે છે, કારણ કે કીટકોની ઘટતી સંખ્યા સીધી રીતે સ્થળાંતર કરનારા પક્ષીઓના અસ્તિત્વ પર ખતરો પેદા કરે છે.


2025 : સ્થળોનું નિર્માણ : પક્ષી-મૈત્રીપૂર્ણ શહેરો અને સમુદાયોનું નિર્માણ (Shared Spaces: Creating Bird-Friendly Cities and Communities)

**વર્તમાન વર્ષ 2026ની વિષયવસ્તુ (થીમ) દરેક પક્ષી મૂલ્યવાન છે:**

તમારું નીરીક્ષણ મહત્વપૂર્ણ છે. (Every Bird Counts - Your Observations Matter!) એ વર્તમાન વર્ષ 2026ની વિષયવસ્તુ (થીમ) છે.


2026 ની સંરક્ષણ થીમ સ્થળાંતરિત પક્ષીઓના સંરક્ષણ માટે સમુદાય વિજ્ઞાન (જેને નાગરિક વિજ્ઞાન તરીકે પણ ઓળખવામાં આવે છે) ના મહત્વ પર પ્રકાશ પાડે છે અને પ્રત્યેક વ્યક્તિના રેકોર્ડ કરેલા પક્ષી અવલોકનો સ્થાનિક, રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે પણ પક્ષી સંશોધનને કેવી રીતે ટેકો આપે છે તે દર્શાવે છે.




**નિષ્કર્ષ: વિશ્વ સ્થળાંતર પક્ષી દિવસ એ માત્ર એક દિવસની ઉજવણી નથી, પરંતુ કુદરત સાથેના આપણા જોડાણને યાદ કરવાનો અવસર છે. આ પક્ષીઓ પૃથ્વીની પર્યાવરણીય કડી છે. જો આપણે તેમને બચાવીશું, તો જ આપણી ઇકોસિસ્ટમ ટકી રહેશે. આ પક્ષીઓ આપણને શીખવે છે કે જીવન સતત ગતિશીલ છે અને પૃથ્વીના તમામ જીવો એકબીજા પર નિર્ભર છે. ચાલો, આ 'આકાશી પ્રવાસીઓ' માટે આપણે પૃથ્વીને એક સુરક્ષિત અને સુંદર ઘર બનાવીએ. હજારો કિલોમીટરનો પ્રવાસ કરીને આવતાં આ પંખીઓ આપણને સંદેશ આપે છે કે પૃથ્વી કોઈ એક દેશની નથી; તે સમગ્ર માનવજાત અને દરેક જીવ માટે છે. જો આપણે આજે જાગી જઈએ અને પર્યાવરણ માટે જવાબદાર બનીએ, તો આકાશમાં ઉડતાં પંખીઓની મધુર કલરવ આવતી પેઢીઓ પણ સાંભળી શકશે.**

**આવો, આપણે સૌ 'વિશ્વ સ્થળાંતર પક્ષી દિવસ' ( World Migratory Bird Day -WMBD ) નિમિત્તે વસંત ઋતુમાં તા. 9 મે ની ઊજવણી નિમિત્તે એક સંકલ્પ કરીએ - પક્ષીઓને બચાવો, પ્રકૃતિને બચાવો, ભવિષ્યને બચાવો. કેનેડાના અગ્રગણ્ય ગુજરાતી અઠવાડિક 'ગરવી ગુજરાત' મારફતે આપણે એક જાગૃત નાગરિક / સાહિત્યકાર / વાચક તરીકે ઉપર દર્શાવેલ છેલ્લા 20 વર્ષની થીમ ( વિષયવસ્તુ )ના સંક્ષિપ્ત વિવરણ ઉપર ચિંતન મનન કરીને રોજબરોજની દિનચર્યામાં પક્ષીઓની સુરક્ષા માટે નિર્ણાયક કાર્ય કરીએ અને અન્ય સૌને આ કાર્ય માટે પ્રેરણા આપીએ.**



With immense joy and gratitude,
we invite you to join the divine celebration of
H.D.H. Guruhari Hariprasad
Swamiji Maharaj's
pragtya parva
"નીરખી મને તું હરખ્યા કરે,
મારું જીવ્યાનું સાફલ્ય એ.."
Sunday, 3rd May 2026 | 5:00 PM Onwards
SRINGERI VIDYA TEMPLE
80 Brydon Dr., Etobicoke ON M9W 4N6


GUJARAT NEWSLINE
IN ASSOCIATION WITH
REALBIZ Realty Inc. BROKERAGE Independently Owned and Operated
BUILDERS PLATINUM BROKER 2016-2025
MAINESH PATEL
BROKER OF RECORD
416-735-7808
realtormainesh@gmail.com
realbizrealty.com
realbizrealty.com/maineshpatel
LALIT SONI
ORGANIZER
PROUDLY PRESENTS
A live musical concert
Dil Mein Ho Tum
(Hits of Bappi Lahiri - Disco King)
MC - SRIJEET
HEMNISH
Instrument Performer
SUNIEL
DISHA
JAY
TICKETS
REGULAR $20
VIP $30
VVIP $50
(GROUP DISCOUNTS AVAILABLE)
CASH FOOD STALLS AVAILABLE
DATE : SATURDAY, MAY 09, 2026 @ 7.00 PM ONWARDS...
VENUE : Don Bosco Secondary School Auditorium (Dante Alighieri)
2, St. Andrews Blvd., Etobicoke, ON, M9R 1V8 (Major Intersection : Islington / Hwy 401)
FOR SPONSORSHIPS & TICKETS CALL :
LALIT SONI 647 400 6248
ANJALI 905 239 6506
TICKETS ALSO AVAILABLE ON
Sulekha eventbrite allevents



તમારા સપનાના ડેસ્ટિનેશનને વાસ્તવમાં સાકાર કરવાની તક લઈને આવી રહ્યું છે. બેસ્ટ વોયેજ પ્રા. લિ તો ચાલો જલસા કરવા.... ગુજરાતી માહોલ માં ગુજરાતી ટૂર મેનેજર સાથે.
IATA
Best Voyage Pvt. Ltd.
CELEBRATING 25th ANNIVERSARY
scan me
અમારા તમામ પેકેજો જાણવા માટે અહીંયા સ્કેન કરો
ગુજરાત ની પ્રતિષ્ઠિત અને સફળ ટ્રાવેલ કંપની, આપના માટે લઈ ને આવી રહ્યું છે....
Winter 2025-26 PACKAGE
ઓસ્ટ્રેલિયા વિથ ન્યુઝીલેન્ડ 17 રાત્રિ - 18 દિવસ 21 જાન્યુઆરી, 17 ફેબ્રુઆરી, 11 માર્ચ
ઓસ્ટ્રેલિયા 11 રાત્રિ - 12 દિવસ 20 જાન્યુઆરી 6 ,16 ફેબ્રુઆરી, 17 માર્ચ
ન્યુઝીલેન્ડ 11 રાત્રિ - 12 દિવસ 19 જાન્યુઆરી 15 ફેબ્રુઆરી, 06 માર્ચ
સિંગાપોર મલેશીયા & ક્રુઝ 08 રાત્રિ - 09 દિવસ 29 જાન્યુઆરી, 03 માર્ચ
સિંગાપોર મલેશીયા & ક્રુઝ 09 રાત્રિ - 10 દિવસ 19 ફેબ્રુઆરી
સાઉથ આફ્રિકા 10 રાત્રિ - 11 દિવસ 18,જાન્યુઆરી 20 ફેબ્રુઆરી 22 માર્ચ
અઝરબૈજાન 06 રાત્રિ - 07 દિવસ 15 ડિસેમ્બર, 21 જાન્યુઆરી 10 ફેબ્રુઆરી, 05 માર્ચ
વિયેતનામ વિથ ફુકોક 09 રાત્રિ - 10 દિવસ 20 જાન્યુઆરી 13 ફેબ્રુઆરી, 03 માર્ચ
વરસેટાઇલ વિયેતનામ 08 રાત્રિ - 09 દિવસ 20 ફેબ્રુઆરી 02 માર્ચ
શ્રીલંકા 07 રાત્રિ - 08 દિવસ 14 ડિસેમ્બર, 05 જાન્યુઆરી 13 ફેબ્રુઆરી, 05 માર્ચ
બાલી 06 રાત્રિ - 07 દિવસ 12 ડિસેમ્બર 04 જાન્યુઆરી 13 ફેબ્રુઆરી 05 માર્ચ
આઈસલેન્ડ 09 રાત્રિ - 10 દિવસ 01 માર્ચ
Summer 2026 PACKAGE
ચેરી બ્લોસમ જાપાન 09 રાત્રિ - 10 દિવસ 22, 27, 30 માર્ચ
જાપાન વિથ અલ્પાઈન રુટ 10 રાત્રિ - 11 દિવસ 19,29 મે 10,22 જૂન
સાઉથ આફ્રિકા 10 રાત્રિ - 11 દિવસ 10 ,16 મે | 11 રાત્રિ - 12 દિવસ 26 એપ્રિલ 03, 07, 31 મે | 13 રાત્રિ - 14 દિવસ 14, 28 મે
ઓસ્ટ્રેલિયા 11 રાત્રિ - 12 દિવસ 04 એપ્રિલ 02 ,15,28 મે
ન્યુઝીલેન્ડ 12 રાત્રિ - 13 દિવસ 01 એપ્રિલ 03, 07, 22 મે
વેસ્ટ & ઈસ્ટ અમેરિકા 12 રાત્રિ 13 દિવસ 22 એપ્રિલ 06,20 મે 03,17 જૂન 01,22 જુલાઈ 19 ઓગસ્ટ 16 સપ્ટેમ્બર, 09 નવેમ્બર
અમેરિકન વંડર 19 રાત્રિ - 20 દિવસ 30 એપ્રિલ 21 મે 11 જૂન 02 જુલાઈ, 13 ઓગસ્ટ
અમેરિકન ડિસ્કવરી 23 રાત્રિ - 24 દિવસ 05,26 મે 16 જૂન 07 જુલાઈ, 04 ઓગસ્ટ
અમેઝિંગ અમેરિકા 15 રાત્રિ - 16 દિવસ 06, 27 મે 10 જૂન 01 જુલાઈ
કેનેડિયન રોકીસ 09 રાત્રિ - 10 દિવસ 14,21,28 મે 05,11,25 જૂન 09 જુલાઈ, 13 ઓગસ્ટ
બાલી 06 રાત્રિ - 07 દિવસ 24, 30 એપ્રિલ 08, 14 મે 18 જૂન
યુરોપ યાત્રા 18 રાત્રિ - 19 દિવસ 09,28 મે 15 જૂન 13 ઓગસ્ટ
યુનિક યુરોપ 15 રાત્રિ - 16 દિવસ 26 મે 15 જૂન 13 જુલાઈ
યુરોપીઅન ડ્રીમ્સ 12 રાત્રિ - 13 દિવસ 03,08,17, 25 મે 06 જૂન 14 જુલાઈ, 11 ઓગસ્ટ
સિનિક સ્કેન્ડીનેવીયા 12 રાત્રિ - 13 દિવસ 28 મે 11 જૂન 26 સપ્ટેમ્બર
યુકે વિથ આયર્લેન્ડ 10 રાત્રિ - 11 દિવસ 14 મે 15 જુલાઈ
પેનોરમિક યુરોપ 09 રાત્રિ - 10 દિવસ 21 મે 21 જૂન
ડિસ્કવર ઓસ્ટ્રેલિયા 12 રાત્રિ - 13 દિવસ 30 એપ્રિલ
યુરોપ તથા અન્ય અન્ય ટુરની માહિતી જાણવા માટે સંપર્ક કરો +91 99989 77746 / +91 95864 11313
હેડ ઓફિસ એસએફ ૧-૨/૧૦૧-૦૩, અનહિલ કોમ્પ્લેક્સ,સિટી સેન્ટર ની પાછળ, સ્વસ્તિક ક્રોસ રોડ, સી.જી. રોડ અમદાવાદ-૩૮૦૦૦૯, ગુજરાત
બ્રાંચ ઓફિસ નિકોલ ( અમદાવાદ ) - આણંદ - મહેસાણા - સુરત - બરોડા - રાજકોટ જામનગર - ગાંધીનગર - કલોલ

# શ્રીમદ વલ્લભાચાર્યજીની ૮૪ બેઠક

## બેઠક ૯ - શ્રી રાધાકૃષ્ણ કુંડની બેઠક






સંકલન
વૈષ્ણવ શ્રી ભદ્રેશભાઈ શાહ
ગોધરા ગુજરાત

શ્રી રાધા કુંડ ઉપર શ્રી સ્વામિનીજી નો મહેલ છે ત્યાં છોકર ની નીચે શ્રી મહાપ્રભુજી ની બેઠક છે ત્યાં આપ એક માસ બિરાજ્યા, એક વખત સવારે શ્રી મહાપ્રભુજી છોકરની નીચે બિરાજ્યા હતા તે સમયે શ્રીનાથજી અને સ્વામિનીજી બાંહ પકડી ને શ્રી ગિરિરાજ શિખર પર પધાર્યા, આપ તો શ્રીનાથજી નો અભિપ્રાય જાણી ગયા તેથી તેથી શ્રી કુંડ થઈ ને આપ શ્રીનાથજીની પાસે પધાર્યા, અંતરંગ સેવક સહિત વૈષ્ણવને દર્શન થયા ત્યારે તે મૂર્છિત થઈ ગયા, પછી આપ ત્રીજે દિવસે પધાર્યા અને વૈષ્ણવ પર કમંડલ નું જળ છાંટ્યુ, બધણી મૂર્છા મટી અને શ્રીજીને આજ્ઞા થઈ તે વાત દામોદરદાસ ને કહી, પછી શ્રી આચાર્યજી મહાપ્રભુજી એ શ્રી કૃષ્ણકુંડ જે શ્રી ઠાકુરજી એ વેણુ થી ખોદયો હતો. અને રાધા કુંડ જે શ્રી સ્વામિનીજી એ નખથી ખોદયો હતો. એમાં અસાધારણ જળ ભરાયું ત્યાં એના અંદર શ્રી સ્વામીનિજી નો રત્ન જડિત્ર મહેલ છે ત્યાં શ્રી સ્વામિનીજી નિત્ય રમણ કરે છે. તે વાત શ્રી ગુંસાઈજીની બેઠક માં વિસ્તારથી લખેલ છે ત્યાં આઠ દિશામાં આઠ સખીના કુંડ છે તેના નામ ચંદ્રભાગ કુંડ, ચંપકલતા કુંડ, ચંદ્રાવલી કુંડ ,લલિતા કુંડ, વિશાખા કુંડ, બહુલા કુંડ, સંધ્યાવલી કુંડ, ચિત્રા કુંડ, એ સર્વ કુંડમાં શ્રી આચાર્ય જી સ્નાન કર્યું, અને ત્યાંથી કુસોમાખર પધાર્યા ત્યાં સ્નાન કર્યું; જ્યાં ઉદ્ધવજી ગુલ્મલત્તા થઈ રહ્યા છે તેમનો સમાગમ થયો અને ઉદ્ધવજી એ કહ્યું મહારાજ ભ્રમર ગીતની સુબોધિની મને સંભળાવો, ત્યારે આપે આજ્ઞા કરી કે એક શ્લોક કહું, પછી આપે શ્રી ભાગવત દશમસ્કંધ સુડતાલીસ અધ્યાય માંથી એકવીશમાં શ્લોકના ચોથા ચરણ નો અર્થ અરેરે તે અગુરુ ના જેવા સુગંધીવાળો હાથ અમારા મસ્તક પર કયારે મુકશો, કહેતા કહેતા ત્રણ પ્રહોર થઈ ગયા આપ ઉભાજ રહ્યા અને દેહ ભાન રહ્યું નહીં ત્યારે ઉદ્ધવજી એ કહ્યું કે મહારાજ આ અર્થ મને અવધારણ થઈ ગયો ત્યારે આપે આજ્ઞા કરી કે જો અમે તો શ્લોક નો સંકલ્પ કયો છે. તેટલું કહેશું તમારાથી જેટલું ધારણ થાય તેટલું કરો. ૐ કહી બાર પ્રહોરમાં એક શ્લોક નો અર્થ કહ્યો ત્યાં સુધી ભગવદીયને બહુ આનંદ થયો ભૂખ તરશે કંઈ બાધ કર્યો નહીં; પછી નારદકુંડ માં સ્નાન કરી ગ્વાપોખર માં સ્નાન કરી ને માનસી ગંગા ચક્તીર્થ ની નીચે આપ આવી બિરાજ્યા શ્રી મહાપ્રભુજી ની રધાકુંડ ની બેઠક ચરિત્ર સમાપ્ત.

## “ચોર્યાસી બેઠકોમાં દસમી બેઠક – કૃપા, ભક્તિ અને ભાગવતનો પવિત્ર સંદેશ”

પુષ્ટિમાર્ગ સંપ્રદાયમાં શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજીની “ચોર્યાસી બેઠકો” (૮૪ બેઠક) ભક્તિ અને કૃપાના પવિત્ર પ્રતિક તરીકે માનવામાં આવે છે. આ બેઠકો એ સ્થળો છે જ્યાં મહાપ્રભુજીએ પોતાની દિવ્ય ઉપસ્થિતિથી ભક્તોને કૃષ્ણભક્તિનો સાચો માર્ગ દર્શાવ્યો હતો.

તેમાંની ૧૦મી બેઠક “શ્રી ગોકુલ બેઠક” તરીકે પ્રસિદ્ધ છે. ગોકુલ, જે ભગવાન શ્રીકૃષ્ણની બાળલીલાઓનું પવિત્ર ધામ છે, પુષ્ટિમાર્ગમાં અતિ મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. મહાપ્રભુજીએ અહીં નિવાસ કરીને શ્રીમદ્ ભાગવતના ગૂઢ રહસ્યો ભક્તોને સમજાવ્યા હતા અને પુષ્ટિ ભક્તિનો સંદેશ વ્યાપક રીતે પ્રસાર કર્યો હતો।



દસમી બેઠકનું વિશેષ મહત્વ:

ગોકુલ પુષ્ટિમાર્ગનું પ્રાથમિક અને કેન્દ્રસ્થાન માનવામાં આવે છે।

અહીં મહાપ્રભુજીએ “સેવા ભાવ” અને “શુદ્ધ ભક્તિ”નો ઉપદેશ આપ્યો હતો।

ભક્તો માટે આ સ્થાન કૃષ્ણપ્રેમ અને શરણાગતિનું જીવંત પ્રતિક છે।

ગોકુલમાં થયેલી કથાઓ અને ઉપદેશો પુષ્ટિમાર્ગના મૂળ સિદ્ધાંતોને સમજવામાં મદદરૂપ બને છે।

આધ્યાત્મિક સંદેશ:

દસમી બેઠક આપણને શીખવે છે કે ભગવાન શ્રીકૃષ્ણ પ્રત્યેનો નિષ્કપટ પ્રેમ અને પૂર્ણ સમર્પણ જ જીવનનો સાચો માર્ગ છે. પુષ્ટિમાર્ગમાં ભગવાનની કૃપા (પુષ્ટિ)થી જ ભક્તિ પ્રાપ્ત થાય છે, અને આ બેઠક એ કૃપાનો જીવંત અનુભવ કરાવતું પવિત્ર સ્થાન છે.

અંતમાં, દસમી બેઠક માત્ર ઐતિહાસિક સ્થળ નથી, પરંતુ ભક્તોના હૃદયમાં ભક્તિ, શાંતિ અને આનંદ પ્રગટાવતું આધ્યાત્મિક તીર્થ છે।

શ્રીકૃષ્ણ શરણમ મમઃ

# સૂર સંગમ કરાઓકે : જ્યાં અવાજ ગુંજે છે અને હૈયાં મળે છે













## શ્રી દર્શન પટેલ અને શ્રી રાકેશ મિશ્રા નું ભવ્ય આયોજન

આજના અતિ-વ્યસ્ત અને ડિજિટલ યુગમાં, જ્યાં માનવીય સંબંધો માત્ર સ્માર્ટફોનની સ્ક્રીન અને સોશિયલ મીડિયાની 'લાઈક્સ' પૂરતા સીમિત થઈ રહ્યા છે, ત્યાં ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૬-વેલેન્ટાઈન દિવસે જન્મેલો એક નાનકડો વિચાર આજે એક વટવૃક્ષ બની ચૂક્યો છે. સંગીત અને માનવીય જોડાણના પાયા પર રચાયેલું આ અભિયાન એટલે 'સૂર સંગમ કેરીઓકે'. માત્ર થોડા જ મહિનાઓમાં, આ મંચ માત્ર ગીતો ગાવાનું સ્થળ નથી રહ્યું, પરંતુ તે ઈન્ડો-કેનેડિયન સમુદાયના ઉત્સાહ, એકતા અને જીવંતતાનું પ્રતીક બની ગયું છે.

**સંગીતથી પર, એક અતૂટ લાગણી**

સૂર સંગમની ખરી સુંદરતા તેનાં મોંઘા સાધનો કે ઝાકઝમાળમાં નથી, પરંતુ તેની પાછળ રહેલી શુદ્ધ ભાવનાઓમાં છે. જ્યારે કોઈ ગાયક પ્રથમવાર સ્ટેજ પર પગ મૂકે છે, ત્યારે તેના હાથમાં રહેલું માઈક્રોફોન કદાચ ધ્રૂજતું હોય છે, પરંતુ તેના હૃદયમાં એક અનોખો રોમાંચ હોય છે. આ એવો મંચ છે જ્યાં શિખાવ ગાયકની ભૂલ પર હસવાને બદલે તેને તાળીઓથી વધાવી લેવામાં આવે છે.

અહીં અનુભવી ગાયકો માત્ર પોતાની કળાનું પ્રદર્શન નથી કરતા, પરંતુ નવા કલાકારો માટે માર્ગદર્શક બને છે. સૂર સંગમમાં ગુંજતી દરેક નોંધ (Note) પાછળ એક વાર્તા છે-કોઈની વર્ષો જૂની દબાયેલી ઈચ્છા છે, તો કોઈનો વતન પ્રત્યેનો પ્રેમ છે. અહીંની તાળીઓ કૃત્રિમ નથી હોતી; તેમાં વ્હાલ અને પ્રોત્સાહનનો રણકો હોય છે જે કાર્યક્રમ પૂરો થયા પછી પણ દિવસો સુધી કાનોમાં ગુંજતો રહે છે.

લગાતાર ચાર 'સોલ્ડ-આઉટ' (Sold-out) શો એ માત્ર આર્થિક સફળતા નથી, પણ એ સાબિતી છે કે આપણો સમાજ આજે પણ 'સાચા' અને 'જીવંત' અનુભવો માટે તરસ્યો છે. વર્ચ્યુઅલ દુનિયાના એકલવાયાપણું છોડીને લોકો જ્યારે એક છત નીચે ભેગા થાય છે, ત્યારે એક નવી ઉર્જાનો સંચાર થાય છે.

સૂર સંગમ એક એવું ઓપન પ્લેટફોર્મ છે જે જાતિ, વય કે સંગીતની જાણકારીના ભેદભાવ વગર દરેકને આવકારે છે. અહીં કોઈ નિર્ણાયક (Judge) નથી જે તમને ગુણ આપે, અહીં તો માત્ર શ્રોતાઓ છે જે તમને પ્રેમ આપે છે. આ મંચ પર કોઈ હરીફાઈ નથી, અહીં માત્ર સંગીતનો અને સાથનો ઉત્સવ છે. આ જ કારણ છે કે દરેક ઈવેન્ટ એક પારિવારિક મેળાવડા જેવી બની જાય છે, જ્યાં અજાણ્યા ચહેરાઓ જોતજોતામાં ગાઢ મિત્રો બની જાય છે.

"શક્તિશાળી બનવા માટે તમારે સંગીત વિશારદ હોવું જરૂરી નથી. ક્યારેક માત્ર એક માઈક્રોફોન પકડવાની હિંમત અને તમારી સામે બેઠેલા સો લોકોનો વિશ્વાસ જ તમને શિખર પર પહોંચાડી શકે છે." - દર્શન પટેલ અને રાકેશ મિશ્રા

કોઈપણ મોટા પરિવર્તન પાછળ એક દ્રઢ સંકલ્પ હોય છે. સૂર સંગમ કેરીઓકેના આ સફળ પ્રવાસ પાછળ દર્શન પટેલ અને રાકેશ મિશ્રાની અવિરત મહેનત અને સ્પષ્ટ વિઝન રહેલું છે. આ બંને વ્યક્તિત્વોએ માત્ર એક ઈવેન્ટ મેનેજમેન્ટ કંપની તરીકે કામ નથી કર્યું, પણ તેમણે એક એવું 'સેફ સ્પેસ' (Safe Space) ઊભું કર્યું છે જ્યાં સમુદાયના લોકો પોતાની જાતને વ્યક્ત કરી શકે.

તેમનો ઉદ્દેશ્ય માત્ર મનોરંજન પૂરતો સીમિત નથી. તેઓ માને છે કે સંગીતમાં હૃદયના ઘા રુઝવવાની અને તૂટેલા સંબંધોને જોડવાની શક્તિ છે. દર્શન અને રાકેશની જોડીએ જે વાતાવરણ પૂરું પાડ્યું છે, તેમાં દરેક સભ્ય પોતાની જાતને સુરક્ષિત અને સન્માનિત અનુભવે છે. તેમની આ નિઃસ્વાર્થ ભાવનાએ જ ઈન્ડો-કેનેડિયન ડાયસ્પોરામાં એક નવી પ્રેરણા જગાવી છે.

સૂર સંગમ આપણને જીવનનો એક મોટો પાઠ ભણાવે છે: "દરેક વ્યક્તિ પાસે પોતાનો એક અવાજ છે, અને તે અવાજ સાંભળવો જોઈએ." આપણે અવારનવાર એવું વિચારીને અટકી જઈએ છીએ કે 'લોકો શું કહેશે?' અથવા 'મારો અવાજ સારો નથી.' પરંતુ સૂર સંગમ કહે છે કે ગાવું એ ગળું સાફ રાખવા માટે નથી, પણ હૃદય સાફ રાખવા માટે છે.


સૂર સંગમ કેરીઓકેની વાર્તા હજુ તો શરૂ થઈ છે. આ તો માત્ર પ્રસ્તાવના છે. આગામી સમયમાં વધુ નવા અવાજો જોડાશે, વધુ શહેરોમાં આ સૂર ગુંજશે અને અનેક નવી યાદોના સંભારણાં રચાશે. આ મંચ હવે માત્ર એક નામ નથી, પણ એક આંદોલન છે-સંગીત દ્વારા સંવાદ સાધવાનું આંદોલન.

આ પ્રવાસમાં જેઓ પ્રેક્ષક તરીકે આવ્યા છે તેઓ પણ એટલા જ મહત્વના છે જેટલા સ્ટેજ પરના કલાકારો. શ્રોતાઓની એક દાદ અને એક સ્મિત ગાયકને જીવનભરનું ભાથું પૂરું પાડે છે. જો તમે હજુ સુધી આ સફરનો હિસ્સો નથી બન્યા, તો તમારી જગ્યા ખાલી છે.

અંતે, આ લેખ દ્વારા અમારો સંદેશ માત્ર એટલો જ છે: પરફેક્ટ ક્ષણની શોધમાં ન રહો. જો તમારા મનમાં કોઈ ગીત છે, તો તેને ગાઈ નાખો. જો તમારી પાસે કોઈ કળા છે, તો તેને પ્રદર્શિત કરો. જિંદગી ખૂબ ટૂંકી છે મૌન રહેવા માટે. યાદ રાખજો, ક્યારેક એક નાનકડું ડગલું, એક માઈક્રોફોન પકડવાની એ એક સેકન્ડની હિંમત, તમને તમારા જીવનના સૌથી યાદગાર મંચ પર લાવી શકે છે.

સૂર સંગમના દરવાજા તમારા માટે ખુલ્લા છે. આવો, સાથે મળીને ગાઈએ, સાથે મળીને હસીએ અને સાબિત કરીએ કે સંગીતની ભાષા સરહદો અને અંતરને ભૂંસી નાખવા માટે કાફી છે.

સૂર અને સંગીતનો આ ઉત્સવ તો હજુ હમણાં જ શરૂ થયો છે! વહેતા રહો, ગાતા રહો!



FOG CANADA
FRIENDS OF GUJARAT
Presents
11th Annual
SUN SAI KITCHEN & COUNTERTOPS
Quartz · Marble · Granite · Floor Tiles
AMIT KANSARA 4167257178
CANADA DHOL TASHA
Dharmendra Oza
647.453.5626 (LOAN)
CELEBRATING THE CULTURE OF
GUJARAT & MAHARASTRA
FREE EVENT
FRIDAY 1st, MAY 2026
AT CITY HALL, BRAMPTON
2:30 PM TO 4:30 PM
Flag Raising by :
Hon. Mayor Patrick Brown
GUJARAT ABROAD
Shilpesh Parikh : 647-992-6951
ગુજરાત ન્યૂઝલાઈન
647 400 6248
ગુજરાત વીકલી
RADIO Muskaan WITH NEELAM
Humans For Harmony
GUJARAT PUBLIC AFFAIRS COUNCIL OF CANADA
CONTACT US:
Akhil Shah 647-203-4411 | Pathik Shukla 416-988-0850 | Purvish Bhavsar 416-320-0809
Shilpesh Parikh 647-992-6951 | Pratik Jain 437- 974-2307 | Bhavik (416) 471-2829 | Rajnibhai (416) 837-8409
Vaidehi Raut 416-318-9846 | Vishal Kulawade 647-830-5586

# Heart & Stroke વિષયક માર્ગદર્શન, મહેમાનોનો સન્માન અને સ્વાદિષ્ટ ભોજન સાથે સભ્યોમાં ઉત્સાહનો માહોલ











ત્રીજા પાનનું ચાલુ...

નાસ્તામાં સ્વાદીષ્ટ શકરપારા, મસાલાપૂરી અને ચકરી હતી.

મસાલેદાર ચા તો હોય જ. નાસ્તાના સ્પોન્સર હતા સરોજબેન-અશોકભાઈ પટેલ.

કાર્યક્રમ part 2 માં Government તરફથી Co-ordinater Dipal અને Nurse Anna આવ્યા હતા. Projector દ્વારા Heart & Stroke વિષે વિસ્તૃત માહિતી આપી. હૃદયરોગ જે silent killer કહેવાય છે. તેનાથી કેવી રીતે સુરક્ષિત રહી શકાય તે સરળ શબ્દોમાં સમજાવ્યું.

ત્યારબાદ સુજ્ઞેશભાઈ પટેલ (ગરવી ગુજરાત, ન્યૂઝ પેપર કેનેડા) અને જ્યોતિષ સુરેશચંન્દ્ર ગાંધી એ સુંદર સુગમ સંગીત સંભળાવ્યું. તેમને બે બાળકોએ સાથ આપ્યો હતો, ક્રીશ તલાટી અને વ્રજ તલાટી.

શ્રી દક્ષાબેન રાજા, હર્ષદભાઈ અને રંજનબેને, દિપલ કાપડીયા, nurse Anna (Heart& Stoke)

સુજ્ઞેશભાઈ પટેલ (ગરવી ગુજરાત, ન્યુઝ પેપર), સુરેશચંદ્ર ગાંધી, ક્રીશ-વ્રજ સૌ ને Appreciation Certificate એનાયત કરી તેઓ સૌનું સન્માન કર્યું.

દક્ષાબેન રાજાએ આમંત્રિત મહેમાનો, કમિટી, કીચન કમિટી, અનીલભાઈ જેઠવા, શિલાબેન નેગાંધી, જ્યોતિબેન શાહ, દક્ષાબેન એમ પટેલ, અરૂણભાઈ મહેતા(સુંદર ફોટોગ્રાફી) તેમજ પ્રોગ્રામ સફળ બનાવવામાં પ્રત્યક્ષ કે પરોક્ષ મદદ કરનાર સર્વનો તેમજ સૌ મેમ્બર્સ ભાઈ-બહેનોનો દિલથી આભાર વ્યક્ત કર્યો હતો.

ભોજનમાં શિખંડ- પૂરી, દાળ-ભાત, બટાટાનું શાક,કચોરી, અથાણું અને પાપડ-પાપડી હતા. આવું સ્વાદિષ્ટ ભોજન કરી, સૌ ફરી પિકનીક સ્થળ પર મળવાના કોલ સાથે પર છૂટા પડ્યા.

**Annual Picnic**

**May 10th, 11:00am to 6:00pm**

**Paul Coffey Park, Gore way & Derry rd.**

**Mississauga**

સંપાદક :- Dakshaben Raja.




# સમર્પણઃ જીવનની સાર્થકતાની સાચી ચાવી



લેખક
નિર્મળાબેન દરજી
કેનેડા

## અહંકારનો ત્યાગ કરીને ધ્યેયમાં જાતને ભળી દેવાની પ્રેરણાદાયક જીવનયાત્રા



સમર્પણ એટલે કોઈ વસ્તુ આપી દેવી એવું નથી, પરંતુ તેમાં નિઃસ્વાર્થ ભાવ અતૂટ શ્રદ્ધા રહેલી છે. જ્યારે વ્યક્તિ પોતાના 'અહં' [Ego] નો ત્યાગ કરીને કોઈ ઉમદા કાર્ય, વ્યક્તિ કે પરમાત્મા પ્રત્યે સંપૂર્ણપણે સમર્પિત થાય છે, ત્યારે તેને સાચું સમર્પણ કહેવાય છે.

"સમર્પણ એ નથી કે જેમાં તમે બધું ગુમાવી દો છો, પરંતુ સમર્પણ એ છે જેમાં તમે તમારી જાતને કોઈ મહાન કાર્યમાં શોધી કાઢો છો."

સમર્પણ એ જીવનની સાર્થકતાની ચાવી છે. સમર્પણ એ માત્ર એક શબ્દ નથી પણ એક ઉંડી અનુભૂતિ છે. તેનો શાબ્દિક અર્થ 'સંપૂર્ણ પણે સોંપી દેવું' એવો થાય છે. જ્યારે કોઈ વ્યક્તિ પોતાના સ્વાર્થ, અહંકાર અને ફળની અપેક્ષા છોડીને કોઈ કાર્ય કે વિચારમાં ઓતપ્રોત થઈ જાય છે ત્યારે તેને સાચું સમર્પણ કહેવાય છે. માનવ સંસ્કૃતિના ઈતિહાસમાં જોઈએ તો જેટલા પણ મહાન કાર્યો થયા છે તેની પાછળ કોઈને કોઈનું અપ્રતિમ સમર્પણ રહેલું છે.

કોઈપણ ક્ષેત્રમાં સિદ્ધિ મેળવવા માટે તે વિષય પ્રત્યે સમર્પણ અનિવાર્ય છે. એક વિદ્યાર્થી જ્યારે પોતાની સુખ સુવિધાઓ છોડીને અભ્યાસમાં મન પરોવે છે ત્યારે તે તેનું શિક્ષણ પ્રત્યેનું સમર્પણ છે. મિત્રતા, પ્રેમ કે પારિવારિક સંબંધોમાં સમર્પણ એ પાયાની જરૂરિયાત છે. 'હું'ને બદલે 'આપણને'ની ભાવના જ સંબંધોને જીવંત રાખે છે. અહીં સમર્પણ એટલે સામેની વ્યક્તિના વિચારો અને લાગણીઓને માન આપવું.

દેશની સરહદ પર ઉભેલો સૈનિક કે સમાજ સુધારક જ્યારે પોતાના સુખનો ભોગ આપીને દેશના રક્ષણ માટે કે સમાજ અને રાષ્ટ્ર પ્રત્યે કાર્ય કરે છે, ત્યારે તે શ્રેષ્ઠ કક્ષાનું સમર્પણ ગણાય છે.

સફળતા અને સમર્પણ એક જ સિક્કાની બે બાજુ છે. મહાત્મા ગાંધીનું સત્ય અને અહિંસા પ્રત્યેનું સમર્પણ હોય કે ડૉ. કલામનું વિજ્ઞાન પ્રત્યેનું, આ ગુણ જ સામાન્ય વ્યક્તિને અસામાન્ય બનાવે છે. સમર્પણ વ્યક્તિમાં ધીરજ, નિષ્ઠા અને મક્કમતા લાવે છે.

ઘણીવાર લોકો સમર્પણને માત્ર 'ત્યાગ' સમજી લે છે. પરંતુ ત્યાગમાં ક્યારેક કષ્ટનો ભાવ હોય છે જ્યારે સમર્પણમાં 'આનંદ' હોય છે. જ્યારે તમે પ્રેમથી કંઈક અર્પણ કરો છો ત્યારે તેમાં ગુમાવવાનો ડર નથી હોતો, પરંતુ કંઈક શ્રેષ્ઠ પામવાનો સંતોષ હોય છે.

ભક્તિ અને આધ્યાત્મિક ક્ષેત્રમાં જોઈએ તો ભક્ત કવિ શિરોમણી નરસિંહ મહેતા તેમજ મીરાંબાઈ જેવા ભક્તોનું જીવન ભગવાન કૃષ્ણની ભક્તિમાં સમર્પિત હતું. સંસારના સુખો કે સામાજિક ટીકાઓની પરવા કર્યા વગર પોતાનું જીવન કૃષ્ણને સમર્પણ કર્યું હતું. તેમનું સમર્પણ એ સ્તરે હતું કે ઈશ્વરે સ્વયં તેમના દરેક કાર્યોમાં હાજર રહેવું પડ્યું હતું.

ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલે પોતાના વકીલાતના ભવ્ય કરિયર અને અંગત જીવનનો ભોગ આપીને દેશની એકતા માટે પોતાનું જીવન સમર્પિત કર્યું. ભારતના અનેક રજવાડાઓને એક તાંતણે બાંધવાનું અશક્ય કાર્ય તેમના દ્રઢ સંકલ્પ અને દેશ પ્રત્યેના અપ્રતિમ સમર્પણ વગર શક્ય નહોતું.

દેશના સૈનિકો અને સરદાર પટેલ તેમજ સાવિત્રીબાઈ ફૂલે જેવા મહાન નેતાઓએ બતાવ્યું કે જ્યારે લક્ષ્ય ઉમદા હોય ત્યારે સામાજિક અવરોધો સામે ઝૂકવાને બદલે કાર્ય પ્રત્યેનું સમર્પણ જ વિજય અપાવે છે.

નરસિંહ મહેતાએ બતાવ્યું કે શ્રદ્ધા એટલે સમર્પણ, જ્યારે મીરાંબાઈએ બતાવ્યું કે પ્રેમ એટલે સમર્પણ. આ બંને મહાનુભાવોએ સાબિત કર્યું કે જ્યારે સમર્પણ સાચું હોય, ત્યારે ઈશ્વર માત્ર મંદિરમાં જ નહીં પણ ભક્તના હૃદયમાં અને તેની દરેક મુસીબતમાં હાજર હોય છે.

નરસિંહ મહેતાના હૂંડીવાળા પ્રસંગમાં જોઈએ તો હૂંડી લખતી વખતે તેમણે જરા પણ સંકોચ ન અનુભવ્યો, કારણકે તેમને પોતાની પર નહીં પણ પોતાના આરાધ્ય દેવ પર પૂરો ભરોસો હતો. તેમણે બધું જ કૃષ્ણ પર છોડી દીધું અને ભક્તની લાજ રાખવા માટે ભગવાન કૃષ્ણને હૂંડીના નાણાં ચૂકવવા શામળશા શેઠ બની દ્વારકામાં હાજર રહેવું પડ્યું. આ પ્રસંગ શીખવે છે કે જ્યારે તમે બધું ઈશ્વરને સમર્પિત કરી દો છો, ત્યારે તમારી જવાબદારી ઈશ્વરની બની જાય છે. એવી જ રીતે મીરાંબાઈને પણ ઝેરનો કટોરો આપવામાં આવ્યો ત્યારે તે કટોરો ઈશ્વરને ચરણે ધરી દીધો અને વિચાર્યું કે જો મારો ગિરધર ગોપાલ આ સ્વીકારે છે તો મારે ડરવાની જરૂર નથી અને હસતા મુખે પી ગયા. આમ ઈશ્વર પ્રત્યેના અભેદ સમર્પણને કારણે એ ઝેર મીરાં માટે અમૃત બની ગયું. આ પ્રસંગ દર્શાવે છે કે સમર્પિત વ્યક્તિ માટે મૃત્યુનો ભય રહેતો નથી, કારણકે તે પોતાનું અસ્તિત્વ ઈશ્વરમાં વિલીન કરી ચૂકી હોય છે. આમ બંને કિસ્સામાં સમર્પણ એ માત્ર ક્રિયા નથી પણ એક અતૂટ શ્રદ્ધા છે.

બાળકના ઉજ્જવળ ભવિષ્ય માટે માતા-પિતા, દાદા-દાદી પોતાના સુખ અને આરામનું જે સમર્પણ કરે છે, તે સમર્પણનું સૌથી જીવંત ઉદાહરણ છે. સમર્પણથી ઘણું બધું પ્રાપ્ત કરી શકાય છે. જ્યારે આપણે ફળની ચિંતા છોડીને કાર્યને સમર્પિત થઈએ છીએ ત્યારે ચિંતા અને તણાવ દૂર થાય છે.

સમર્પણ વ્યક્તિની શક્તિઓને વેડફાઈ જતી અટકાવે છે અને તેને એક જ લક્ષ્ય પર કેન્દ્રિત કરે છે. અને 'હું કરું છું' એ ભાવના ઓગળી જાય છે અને ત્યારે તે વ્યક્તિ સાચા અર્થમાં મહાન બને છે.

આજના સ્પર્ધાત્મક અને ભૌતિકવાદી યુગમાં સમર્પણની ભાવના ઓછી થતી જાય છે. દરેક વ્યક્તિ 'શું મળશે?' તેના પર ધ્યાન આપે છે. પરંતુ સાચું સુખ અને શાંતિ ત્યારે જ મળે છે જ્યારે આપણે કોઈ ઉમદા કાર્ય માટે આપણી જાતને સમર્પિત કરીએ છીએ. જેમ દીવો પોતે બળીને પ્રકાશ આપે છે, તેમ સમર્પિત વ્યક્તિ પોતે ઘસાઈને સમાજને નવો રાહ ચીંધે છે.

"સમર્પણ એટલે પોતાની જાતને ભૂલીને ધ્યેયમાં ભળી જવું."

"જ્યાં સુધી સમર્પણ નથી, ત્યાં સુધી કોઈપણ સાધના અધૂરી છે."

સમર્પણ એ હૃદયનો માર્ગ છે, બુદ્ધિનો નહીં. નરસિંહ મહેતા અને મીરાંબાઈના જીવન પરથી આપણને શીખ મળે છે કે સમર્પણમાં હાર જેવું કંઈ હોતું જ નથી. જે વ્યક્તિ સમર્પિત થાય છે તે ક્યારેય ખાલી હાથે રહેતી નથી. કાંતો તે પોતાનું લક્ષ્ય પ્રાપ્ત કરે છે અથવા પરિવર્તિત થઈને શ્રેષ્ઠ બની જાય છે.

આપણે પણ આપણા જીવનમાં જે કંઈ કરીએ તેમાં થોડું સમર્પણ ભેળવીએ તો જીવન ખરેખર સાર્થક બની જશે.

"સમર્પણ એટલે પૂર્ણવિરામ નહીં, પણ નવું જીવન શરૂ કરવાનું અલ્પવિરામ છે જેમાં આપણે આપણા નાના અસ્તિત્વને છોડીને કોઈ વિશાળ ધ્યેય સાથે જોડાઈએ છીએ."

# હિન્દુ સભા મંદિર ખાતે યોજાયેલી બેઠકમાં સભ્યોની ઉત્સાહી હાજરી અને કલાકારોના મનોહર પ્રદર્શનથી યાદગાર કાર્યક્રમ








પાન નં. 6 નુ ચાલુ....

હંમેશ ની જેમ ભાનુભાઈ મિસ્ત્રી નો અમર અકબર એન્થોની ફિલ્મ ના ગીત પર ના જોરદાર ડાન્સ પર્ફોર્મન્સ માં સાથ આપ્યો મનહરભાઈ પંચાલ તથા બીજી બહેનો એ. છેલ્લે પતિ, પત્ની અને વો ના થીમ પર હસ્ય નાટિકા "એપ્રિલ ફૂલ " રજુ કરી અરુણભાઈ દવે, ચારુબેન દવે, દિપીકાબેન પાઠક અને રજનીબેન પંચાલ એ સૌને પેટ પકડાવી હસાવ્યા. જોરદાર પરફોર્મન્સ.




સાંસ્કૃતિક કાર્યક્રમ પછીઆજના મહેમાન હિન્દુ સભા મંદિર ની સંચાલન સમિતિ ના પ્રમુખ શ્રી મધુસુદન લામાજી ને ઉપપ્રમુખ ઉદયભાઈ ચૌધરી તથા અંગરીશભાઈ શુક્લ માન સહીત સ્ટેજ પર લઈ આવ્યા . શ્રી વિઠ્ઠલભાઈ અમીને તેમનો પરિચય આપ્યો. ત્યારબાદ શ્રી મધુસુદન લામાજી એ ગરવી ગુજરાત સિનિયર્સ પરિવાર ના સિનિયર્સ માટે ના કાર્યો ને બિરદાવ્યા તેમજ પરિવારને મંદિર તરફ થી સંપૂર્ણ સહકાર ની ખાતરી આપી. તે પછી તેમણે વિડિઓ દ્વારા નજીક ના ભવિષ્યમાં મંદિરમાં વિસ્તરણ સાથે બનનાર નવો હવનકુંડ, શિવાલય તથા મંદિર ની બંને બાજુ બનનારી કલાત્મક ગેલેરી વગેરેની માહિતી આપી. શ્રી ઉદયભાઈ ચૌધરી એ મંદિર ના આ વિસ્તરણ કાર્યમાં ગરવી ગુજરાત સિનિયર્સ ગ્રુપ તન, મન અને ધન થી સહકાર આપશે તેવી ખાતરી આપી અને શ્રી લામાજી નો સભામાં પધારવા બદલ આભાર માન્યો.

ત્યારબાદ રાજેશ્વરીબહેન દ્વારા આજના કાર્યક્રમ ને સફળ બનાવવા માટે કારોબારી સમિતિ, આજના પરફોર્મન્સ આપનાર સર્વે ભાઈઓ તથા બહેનો, સ્ટેજ ડેકોરેશન માટે ભાનુભાઈ મિસ્ત્રી અને ટીમ, સાઉન્ડ સિસ્ટમ માટે દિલીપભાઈ પરીખ તેમજ પ્રવીણભાઈ બારોટ, સ્વાદિષ્ટ ભોજન બનાવડાવા તેમજ રસોડાને લગતી સર્વે કામગીરી સરસ રીતે કરવા માટે બાબુભાઈ કે પટેલ અને ટીમ, રિસેપ્શન ડેસ્ક પર સુંદર કામગીરી બદલ અરુણભાઈ મેહતા, ઘનશ્યામભાઈ પટેલ, વિનોદભાઈ પટેલ, વિષ્ણુભાઈ પટેલ નો તેમજ મોટી સંખ્યા માં હાજર રહેવા બદલ સર્વે સભ્યો નો આભાર માન્યો.

ખીરપુરી સાથેના સ્વાદિષ્ટ ગુજરાતી ભોજન ની મજા માણી સર્વે વડીલો આનંદ ની અનુભૂતિ સાથે આવતા મહિને ફરી મળવા ના સંકલ્પ સાથે છુટા પડ્યા. અહેવાલ -વિઠ્ઠલભાઈ અમીન, ગરવી ગુજરાત સિનિયર્સ ગ્રુપ.

# જય જય ગરવી ગુજરાત




**આપણું ગુજરાત**

આપણું ગુજરાત, અનેરું ગુજરાત,
માટીની સુગંધ માં વસેલું સ્વપ્ન
રણમાં પણ રંગોળી રચાતું એવું ધામ ગુજરાત
સોમનાથ ને દ્વારકા મોહક છે ભક્તિ ને સાગર,
ને ગીરમાં ગુંજે સિંહની ગર્જનાઓ
કચ્છનું રણ સફેદ ચાંદની જેવું ઝગમગે,
ને કાઠિયાવાડ(સોરઠ)ની મીઠી બોલી ને ત્યાંની
ધરા ભક્તિ ને રંગ દિલમાં રંગ
આદિવાસી સંસ્કૃતિના રંગો, પ્રકૃતિ પ્રત્યે પ્રેમ ને સંબંધ
જીવન માં ઝળકે પરંપરા ને સ્વાભિમાન પ્રચંડ
તહેવારો માં ગુંજે નવરાત્રિના ગરબા ને તાલ,
ઉતરાયણ, ને દિવાળી ઊજવાય બેમિસાલ
અહીંની રસોઈની સુગંધ માં હોય અનેરી મીઠાશ,
દરેક વ્યંજન માં મળે પ્રેમ અને પરંપરાનો સ્વાદ
ના હોય કદી કળવાશ
વ્યવસાયની ધરા ગુજરાત
મહેનત અને બુદ્ધિનો અજોડ મિલાપ,
નાના વેપારી કે મોટા ઉદ્યોગો, દરેક ક્ષેત્રમાં વધશે
સફળતાની સદાય વ્યાપ.
ગાંધીજી, સરદાર પટેલ, મોદીજીની આ ધરા
ગૌરવ અને વીરતાનો અખૂટ ખજાનો
તેમના આદર્શોથી ઉજળે ગુજરાત,
સંસ્કૃતિનો છે આહલાદક ખજાનો.
મહેનતુ લોકો, મીઠી ભાષા, સ્નેહભર્યો વ્યવહાર
ગુજરાત છે આપણું ગૌરવ,
ને
આપણ ને છે ગુજરાતી હોવાનું
સ્વાભિમાન અપાર,
જય જય ગરવી ગુજરાત...

ડોક્ટર જીગ્નેશ પંડ્યા
ચલામલી